વડોદરાથી દર શુક્રવારે પ્રસિધ્ધ થતુ નિડર અને નિષ્પક્ષ અખબાર | @dailypulsenews24 | ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશ.

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીસ મો. ૯૯૦૯૯ ૧૧૧૭૫ ✧ R.N.I. NO : GJGUJ/25/A1447

Year : 1 • Issue : 13 • Date :- 26-09-2025 - Friday • Price Rs. 2 • Place Of Publication :- 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007

✧ વર્ષ : ૦૧ ✧ અંક : ૧૩ ✧ તા. ૨૬-૦૯-૨૦૨૫ શુક્રવાર ✧ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- ✧ છુટક નકલ : કિંમત રૂા. ૨/- ✧ ૭૦૩ સ્ટારલાઈન કોમ્પલેક્ષ, અલકાપુરી, સરકીટ હાઉસ સામે, વડોદરા-૩૯૦૦૦૭

## શાહરૂખ ખાનને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત, ગુજરાતી ફિલ્મ 'વશ'ને પણ નેશનલ એવોર્ડ



નવીદિલ્હી,

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ભારતીય સિનેમા જગતનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારમાંથી એક ગણાય છે. ભારત સરકારના સૂચના પ્રસારણ મંત્રાલય તરફથી આયોજિત કરાતા આ પુરસ્કાર સમારોહમાં દર વર્ષે ભારતીય ફિલ્મ કલાકારોને તેમના અદ્વિતીય કાર્ય માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે અને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. આજે (૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫)ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ૭૧માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરાયા છે. શાહરૂખ ખાન, રાની મુખર્જીથી લઈને મોહનલાલ સહિતના અનેક દિગ્ગજો પોતાનો પુરસ્કાર લેવા દિલ્હીં પહોંચ્યા છે. જણાવી દઈએ કે, રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂના હસ્તે ભારતીય ફિલ્મ કલાકારોને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે. ૧ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૨૩ના નામોની જાહેરાત કરાઈ હતી.'વશ' ફિલ્મને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો નેશનલ પુરસ્કાર એનાયત કરાયો છે. ગુજરાતના જાણીતા લેખક અને દિગ્દર્શક કૃષ્ણદેવ યાજ્ઞિક અને કલ્પેશ સોની પુરસ્કાર સ્વીકાર્યો છે.તેમની 'વશ' ફિલ્મની સફળતા બાદ ગુજરાતી ફિલ્મ પરથી બોલીવુડમાં 'શૈતાન' નામથી ફિલ્મ બનાવામાં આવી હતી. વશ ફિલ્મમાં હિતુ કનોડિયા અને હિતેન કુમારનો રોલ ખાસ હતો. જોકે, હાલમાં વશની બીજો પાર્ટ વશ લેવલ ૨ પણ રિલીઝ કરાયો છે.શાહરૂખ ખાનને તેની બ્લોકબસ્ટર ફિલ્મ 'જવાન' માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરાયો છે. જેને લઈને તેના ચાહકો અને સમગ્ર ફિલ્મ ઉદ્યોગમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. ફિલ્મ 'જવાન' એ બોક્સ ઓફિસ પર અનેક રેકોર્ડ તોડી નાખ્યા અને વિશ્વભરમાં અસાધારણ કમાણી કરી. શાહરૂખ ખાને આ ફિલ્મમાં ડબલ રોલ ભજવીને દર્શકોના દિલ જીતી લીધા. તેમના શક્તિશાળી અભિનય, એક્શન અને ભાવનાએ સાબિત કર્યું કે તે ફક્ત રોમાન્સના રાજા જ નથી, પરંતુ એક સુપરસ્ટાર છે જે દરેક ભૂમિકામાં જીવંતતા લાવી શકે છે.

શાહરૂખ ખાન અને રાની મુખર્જી આ કાર્યક્રમમાં સાથે બેઠેલા જોવા મળ્યા હતા. શાહરૂખ ખાન બ્લેક લુકમાં હતા, જ્યારે રાની મુખર્જી બ્રાઉન રંગની સાડીમાં ચમકી હતી. વિક્રાંત મેસી પણ શાહરૂખ ખાન અને રાની સાથે બેઠેલા જોવા મળ્યા હતા. ઓફ-વ્હાઈટ સૂટમાં તેમની ડેશિંગ સ્ટાઈલે પણ ચાહકોના દિલ જીતી લીધા હતા. જણાવી દઈએ કે, શાહરૂખ ખાનને બેસ્ટ અભિનેતા અને રાની મુખર્જીને બેસ્ટ અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો છે.

વિજેતાઓની યાદી

બેસ્ટ ફીચર ફિલ્મ - ૧૨મી ફેઈલ

બેસ્ટ હિન્દી ફિલ્મ - કટહલ - એ જેકફ્રૂટ મિસ્ટ્રી

બેસ્ટ અભિનેતા - શાહરૂખ ખાન (જવાન) અને વિક્રાંત મેસી (૧૨ફેલ)

બેસ્ટ અભિનેત્રી - રાની મુખર્જી (મિસિસ ચેટર્જી વર્સિસ નોર્વે)

દાદાસાહેબ ફાળકે પુરસ્કાર - મોહનલાલ

બેસ્ટ લોકપ્રિય ફિલ્મ - રોકી ઔર રાની કી પ્રેમ કહાની

બેસ્ટ કોરિયોગ્રાફી - રોકી ઔર રાની કી પ્રેમ કહાની (ઢીંઢોરા બાજે રે)

બેસ્ટ દિગ્દર્શન - ધ કેરળ સ્ટોરી (સુદીપ્તો સેન)

બેસ્ટ સિનેમેટોગ્રાફી - ધ કેરળ સ્ટોરી

બેસ્ટ ફિમેલ પ્લેબેક સિંગર શિલ્પા રાવ (છલિયા, જવાન)

બેસ્ટ મેલ ગાયક - પ્રેમિસ્થુન્ના (બેબી, તેલુગુ)

બેસ્ટ મેકઅપ અને કોસ્ચ્યુમ ડિઝાઈનર - સામ બહાદુર

સ્પેશિયલ મેન્શન - એનિમલ (રી-રેકોર્ડિંગ મિક્સર) - એમ.આર. રાધાકૃષ્ણન

બેસ્ટ સાઉન્ડ ડિઝાઈન - એનિમલ (હિન્દી)

અન્ય ભાષાઓમાં

બેસ્ટ ગુજરાતી ફિલ્મ - વશ

બેસ્ટ તેલુગુ ફિલ્મ - ભગવંત કેસરી

બેસ્ટ તમિલ ફિલ્મ - પાર્કિંગ

બેસ્ટ કન્નડ ફિલ્મ - ધ રે ઓફ હોપ

બેસ્ટ ફિલ્મ વિવેચક - ઉત્પલ દત્તા (આસામ)

બેસ્ટ એક્શન દિગ્દર્શન - હનુ-મેન (તેલુગુ)

બેસ્ટ ગીતો - બાલાગમ (ધ ગ્રુપ) - તેલુગુ

### પન્નુએ પોતાનો એક વીડિયો વાયરલ કર્યો

## દિવાળીએ અયોધ્યામાં અંધકાર છવાશે, આતંકી પન્નુની ધમકી



નવી દિલ્હી,

ખાલિસ્તાન સમર્થક આતંકવાદી સંગઠન શીખ્સ ફોર જસ્ટિસ એ દિવાળી પહેલા પ્રવાસીઓને પંજાબ છોડી દેવાનું અલ્ટીમેટમ આપ્યું છે. તેણે પ્રવાસીઓને ૧૯ ઓક્ટોબર સુધીમાં રાજ્ય છોડી દેવા કહ્યું છે. તેણે બટાલા રેલવે સ્ટેશન અને અચલેશ્વર ધામ મંદિર પર ખાલિસ્તાની સૂત્રો લખાવ્યાનો પણ દાવો કર્યો છે.પન્નુએ પોતાનો એક વીડિયો વાયરલ કર્યો છે. તેમાં તેણે લખાવ્યાનો પણ દાવો કર્યો છે. અને બટાલા રેલવે સ્ટેશનના ફોટા પણ શેર કર્યા છે. તેણે સ્પષ્ટપણે કહ્યું છે કે જે લોકો દિવાળીની ઉજવણી નથી કરતા અને તે દિવસે દીવા પ્રગટાવીને બંદી છોર દિવસ ઉજવે છે તેઓ જ પંજાબમાં રહેશે. પન્નુએ ખાસ કરીને પંજાબમાં વાતાવરણને ડહોંળવા માટે દિવાળી સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે.પન્નુએ ખાસ કરીને પંજાબમાં વાતાવરણને ડહોંળવા માટે દિવાળી સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે પન્નુએ વીડિયોમાં અયોધ્યાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેણે દાવો કર્યો હતો કે તેઓ દિવાળી પર અયોધ્યામાં અંધકાર ફેલાવશે. ખરેખરમાં, આ વર્ષે અયોધ્યામાં લાખો દીવા પ્રગટાવીને દિવાળી ઉજવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.તેણે પ્રવાસીઓને ૧૯ ઓક્ટોબર સુધીમાં રાજ્ય છોડી દેવા કહ્યું છે. તેણે બટાલા રેલવે સ્ટેશન અને અચલેશ્વર ધામ મંદિર પર ખાલિસ્તાની સૂત્રો લખાવ્યાનો પણ દાવો કર્યો છે.પન્નુએ પોતાનો એક વીડિયો વાયરલ કર્યો છે. તેમાં તેણે લખાવ્યાનો પણ દાવો કર્યો છે. અને બટાલા રેલવે સ્ટેશનના ફોટા પણ શેર કર્યા છે. પન્નુએ પંજાબના ડીજીપી ગૌરવ યાદવને પણ ધમકી આપી હતી. તેમણે દાવો કર્યો હતો કે યાદવ પંજાબમાં હિન્દુ આતંકવાદ ફેલાવનારાઓને સાથ આપી રહ્યા છે. વધુમાં, પન્નુએ મુખ્યમંત્રી ભગવંત માનને પણ ધમકી આપી હતી કે તેઓ તેમના પક્ષને વેરવીખેર કરી નાખશે, જેવા હાલ તેમણે પંજાબમાં કોંગ્રેસ અને ભાજપના કર્યા છે.

### ૧૦ બૂથ પર પ્રભારી બનશે બૂથ રક્ષક

## કોંગ્રેસે વોટ ચોરી પકડવા દેશવ્યાપી બૂથ રક્ષક પ્રોજેક્ટ શરૂ કર્યો

નવીદિલ્હી,

લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ વોટ ચોરી અભિયાન બાદ હવે ચાર રાજ્યોની કુલ પાંચ લોકસભા બેઠક પર બૂથ રક્ષક યોજનાની શરૂઆત કરી છે. કોંગ્રેસ આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પાયાના સ્તરે પક્ષના કાર્યકરોને ટ્રેનિંગ આપશે. જેથી તેઓ જુદા-જુદા વિસ્તારમાં મતદારોની યાદીમાં ગરબડ અને અનિયમિતતાઓ બહાર લાવી શકશે.બૂથ રક્ષક યોજનાના પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પક્ષે ચાર રાજ્યોની પાંચ લોકસભા બેઠકની પસંદગી કરી છે. જેમાં રાજસ્થાનના અલવર અને જયપુરની ગ્રામીણ બેઠક સામેલ છે. આ સિવાય મધ્યપ્રદેશના મુરૈના, છત્તિસગઢના જાંજપુર-ચાંપા અને ઉત્તર પ્રદેશના બાંસગાંવની બેઠક સામેલ છે. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નજીવા માર્જિનથી હાર્યા હતા. કોંગ્રેસની આ યોજના વોટ ચોરીના અભિયાનનો જ એક ભાગ છે.પાયલોટ પ્રોજેક્ટ હેઠળ, પ્રત્યેક બૂથ રક્ષક ૧૦ બૂથનો હવાલો સંભાળશે. દસ બૂથ-લેવલ એજન્ટ પણ તેમના હેઠળ કામ કરશે. આ પાયલોટ પ્રોજેક્ટની સફળતા સુનિશ્ચિત કરવા માટે પાર્ટીએ કેન્દ્રીય સ્તરે પાંચ સભ્યોની ટીમ પણ બનાવી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, બૂથ રક્ષકોએ પોતપોતાના વિસ્તારોમાં પાયાના સ્તરે કામ કરવાનું શરૂ કરી દીધું છે.

આ ટીમો બૂથ સ્તરે જઈ મતદાર યાદીઓની સંપૂર્ણ સમીક્ષા અને સુધારણા પર નજર રાખી રહી છે. કોંગ્રેસના સૂત્રોને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે ટીમ મતદાર યાદીમાં થયેલી અનિયમિતતાઓનો ડેટા એકત્રિત કરી રહી છે, જે વધુ તપાસ માટે કોંગ્રેસ હાઈકમાન્ડને સુપરત કરવામાં આવશે.ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના એક સૂત્રે જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય ટીમ સ્થાનિક બૂથ રક્ષકને વોટ ચોરીને પકડી પાડવા અંગે તાલીમ આપી રહી છે, તે જે મતવિસ્તારોની મુલાકાત લઈ રહી છે તે દરેક બૂથની મતદાર યાદીઓ ચકાસી રહી છે.

સ્થાનિક નેતાઓને ચૂંટણી પ્રક્રિયામાં ફોર્મ ૬, ૭ અને ૮ ના ઉપયોગ અંગે તાલીમ આપવામાં આવી રહી છે. બૂથ-સ્તરીય ટીમોને તાલીમ આપવામાં આવી રહી છે કે કયા આધારે મતદારોના નામ મતદાર યાદીમાંથી ઉમેરવામાં આવ્યા છે અને દૂર કરવામાં આવ્યા છે તે ચકાસવામાં આવે.રિપોર્ટમાં એમ પણ જણાવાયું છે કે આ ટીમ વોટ ચોરી અંગે સ્થાનિક જાગૃતિ કાર્યક્રમો પણ ચલાવી રહી છે.

પાયલોટ પ્રોજેક્ટના ભાગ રૂપે બૂથ વિજિલન્ટ્સને ખાસ તાલીમ આપવામાં આવી રહી છે જેથી શોધી શકાય કે મોટી સંખ્યામાં મતદારોના એક જ સરનામા છે કે શું. તેમજ ડુપ્લિકેટ વોટરની પણ ભાળ મેળવવામાં આવશે.

### કોલસા, સ્ટીલ અને સિમેન્ટના ઉત્પાદનમાં વધારો

## ઓગસ્ટમાં આઠ કોર સેક્ટરનું ઉત્પાદન ૬.૩ ટકા વધ્યું : ૧૩ મહિનાની ટોચે




નવી દિલ્હી,

કોલસા, સ્ટીલ અને સિમેન્ટના ઉત્પાદનમાં વૃદ્ધિને કારણે દેશના આઠ કોર સેક્ટરનું ઉત્પાદન ઓગસ્ટ, ૨૦૨૫માં ૬.૩ ટકા વધ્યું છે. જે છેલ્લા ૧૩ મહિનાની સર્વોચ્ચ સપાટી છે તેમ સોમવારે જારી કરાયેલા સત્તાવાર આંકડામાં જણાવવામાં આવ્યું છે.સત્તાવાર આંકડાઓ અનુસાર જુલાઈ, ૨૦૨૫માં કોર સેક્ટરના ઉદ્યોગોનો વૃદ્ધિ દર ૩.૭ ટકા હતો.જુલાઈ, ૨૦૨૫માં કોર સેક્ટરના ઉદ્યોગોનો વૃદ્ધિ દર ૩.૭ ટકા જ્યારે ઓગસ્ટ, ૨૦૨૪માં આ વૃદ્ધિ દર માઈનસ ૧.૫ ટકા હતો ઓગસ્ટ, ૨૦૨૪માં કોર સેક્ટરનો વૃદ્ધિ દર માઈનસ ૧.૫ ટકા હતો. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલથી ઓગસ્ટ સુધીના સમયગાળામાં આઠ કોર સેક્ટરોમાં ૨.૮ ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી છે. ગયા વર્ષના આ જ સમયગાળામાં આ આંકડો ૪.૬ ટકા હતો.સરકારે જારી કરેલા આંકડાઓ અનુસાર ઓગસ્ટ, ૨૦૨૫માં કોલસા, સ્ટીલ અને સિમેન્ટના ઉત્પાદનમાં અનુક્રમે ૧૧.૪ ટકા, ૧૪.૨ ટકા અને ૬.૧ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. બીજી તરફ રિફાઈનરી પેદાશો, ખાતર અને વીજળીના ઉત્પાદનમાં અનુક્રમે ૩ ટકા, ૪.૬ ટકા અને ૩.૧ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. જોકે ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસના ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે. આ આંકડાઓ અંગે પ્રતિક્રિયા વ્યક્ત કરતા ઈકરાના મુખ્ય અર્થશાસ્ત્રી આદિતી નાયરે જણાવ્યું હતું કે લો બેઝને કારણે કોર સેક્ટરના ઉત્પાદનમાં છેલ્લા ૧૩ મહિનાની સર્વોચ્ચ સપાટી જોવા મળી છે. ઈકરાના અંદાજ મુજબ ઓગસ્ટમાં આઈઆઈપી (ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન)નો વૃદ્ધિ દર ૪.૫ ટકાથી ૫.૫ ટકા રહેશે.

### વીજકરંટથી પાંચના મોત

## સતત વરસાદને કારણે કોલકાતામાં રેલ, મેટ્રો અને હવાઈ સેવાઓ ખોરવાઈ



નવી દિલ્હી,

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં મંગળવારે આખી રાત થયેલા મૂશળધાર વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. વરસાદ બાદ ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું છે, તેમજ વીજળીનો કરંટ લાગવાથી અત્યાર સુધીમાં કુલ ૫ લોકોના મોત થયા છે. છેલ્લા ૬ કલાકમાં શહેરમાં ૨૫૦ મિલીમીટરથી વધુ વરસાદ પડ્યો, જેના કારણે શહેરના ઘણા વિસ્તારોમાં ઘૂંટણ સુધી પાણી ભરાઈ ગયું છે. કોલકાતા અને તેની આસપાસના વિસ્તારોમાં રાતભરના સતત વરસાદને કારણે રેલ, મેટ્રો અને હવાઈ સેવાઓ ખોરવાઈ ગઈ છે. સિયાલદહ સ્ટેશન પાસે રેલવે લાઈન પર પાણી ભરાઈ જતાં સવારથી જ ટ્રેન સેવાઓ અટકી પડી છે. આ જળભરાવને કારણે ચક્રરેલની અપ અને ડાઉન લાઈન સેવાઓ હાલમાં બંધ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, સિયાલદહની દક્ષિણ શાખા પર પણ ટ્રેન સેવાઓ ઠપ થઈ ગઈ છે અને હાવડા ડિવિઝનના મુસાફરોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કોલકાતામાં રાત્રિ દરમિયાન પડેલા સતત વરસાદને કારણે રેલ, મેટ્રો અને હવાઈ સેવાઓ પ્રભાવિત થઈ છે. સિયાલદહ સ્ટેશન પાસે રેલવે ટ્રેક પર પાણી ભરાવાને કારણે સવારથી ટ્રેન સેવાઓ ખોરવાઈ છે. જેના પરિણામે, ચક્રરેલની અપ અને ડાઉન લાઈન સેવાઓ, તેમજ સિયાલદહની દક્ષિણ શાખા પરની ટ્રેન સેવાઓ હાલમાં બંધ છે. આ જ રીતે, હાવડા ડિવિઝનના મુસાફરો પણ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હવામાન વિભાગની આગાહીથી કોલકાતાના લોકોની મુશ્કેલી વધી છે, કારણ કે શહેરમાં હજુ વધુ વરસાદની શકયતા છે. ૨૫ સપ્ટેમ્બરની આસપાસ પૂર્વ-મધ્ય અને ઉત્તરી બંગાળની ખાડીમાં વધુ એક નવું ઓછું દબાણનું ક્ષેત્ર બનવાની સંભાવના બંગાળની ખાડીમાં સર્જાયેલા લૉ-પ્રેશર એરિયાને કારણે દક્ષિણ બંગાળના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદ થવાનો અંદાજ છે. કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, દક્ષિણ અને પૂર્વ ભાગોમાં વરસાદની તીવ્રતા વધુ હતી, જ્યાં ગરિયા કામદારીમાં ૩૩૨ મિલીમીટર અને જોધપુર પાર્કમાં ૨૮૫ મિલીમીટર જેટલો ભારે વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત, કાલીઘાટમાં ૨૮૦ મિલીમીટર અને તોપસિયામાં ૨૭૫ મિલીમીટર જેવો ભારે વરસાદ થયો. IMDના મતે, બંગાળની ખાડીના ઉત્તર-પૂર્વમાં એક ઓછું દબાણનું ક્ષેત્ર બન્યું છે, જે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધે તેવી શક્યતા છે. આને કારણે, દક્ષિણ બંગાળના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ અને ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે બુધવાર સુધીમાં પૂર્વ અને પશ્ચિમ મેદિનીપુર, દક્ષિણ ૨૪ પરગણા, ઝારગ્રામ અને બાંકુરા જિલ્લામાં ભારે વરસાદ થવાની સંભાવના છે. વધુમાં, ૨૫ સપ્ટેમ્બરની આસપાસ પૂર્વ-મધ્ય અને ઉત્તરી બંગાળની ખાડીમાં વધુ એક નવું ઓછું દબાણનું ક્ષેત્ર બનવાની સંભાવના છે.

### ન્યૂઝ પોર્ટલ સામે ક્રિમિનલ બદનક્ષીના કેસમાં અવલોકન

## બદનક્ષીને ગુનાની શ્રેણીમાંથી બહાર કરવાનો સમય આવી ગયો છે : સુપ્રીમ



નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યું હતું કે હવે સમય આવી ગયો છે કે બદનક્ષીને ગુનાની કેટેગરીમાંથી બહાર કરી દેવાય. એટલે કે બદનક્ષી બદલ ગુનાહિત કાર્યવાહી રદ કરવામાં આવે. સામાન્ય રીતે બદનક્ષી બદલ આર્થીક નુકસાન ભરપાઈની માગ અથવા કેદની સજાની માગ કરવામાં આવતી હોય છે. જેમાં ક્રિમિનલ બદનક્ષીને રદ કરવાની વાત સુપ્રીમ કોર્ટે કરી છે. વેબપોર્ટલ ધ વાયર સામે જેએનયુના એક પ્રોફેસર દ્વારા દાખલ ક્રિમિનલ બદનક્ષીના મામલામાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી. ધ વાયર સામે મેજિસ્ટ્રેટ દ્વારા સમન્સ જાહેર થયા હતા જેને દિલ્હી હાઈકોર્ટ દ્વારા પણ માન્ય રાખ્યા હતા, હાઈકોર્ટના નિર્ણય સામે બાદમાં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. ન્યૂઝ પોર્ટલને જારી કરાયેલા સમન્સને સુપ્રીમમાં પડકારાયા, પક્ષકારોને નોટિસ જારી કરવામાં આવી એક સમાચારને લઈને આ ક્રિમિનલ બદનક્ષીમનો કેસ કરાયો હતો જેમાં પ્રોફેસરે દાવો કર્યો હતો કે ધ વાયરે મારી બદનામી કરી છે. સોમવારે આ મામલે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એમએમ સુંદ્રેશે અવલોકન કર્યુ હતું કે મને લાગી રહ્યું છે કે હવે સમય આવી ગયો છે કે બદનક્ષીને ડિક્રિમિનલાઈઝ કરી દેવામાં આવે, એટલે કે તેને અપરાધની કેટેગરીમાંથી બહાર કરી દેવામાં આવે. વરીષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ધ વાયર તરફથી દલીલ કરી હતી, તેમણે પણ સુપ્રીમ કોર્ટના આ અવલોકનનું સમર્થન કર્યુ હતું. જોકે સુપ્રીમ કોર્ટ દ્વારા કરાયેલુ આ મૌખિક અવલોકન હતું.

C.M.Y.K.

તંત્રી લેખ

# પૃથ્વી અધિક તપશે

ગ્લોબલ વોર્મિંગ સંબંધિત ચિંતાઓ માટે પેરિસ જ હવે તો જાણે ગ્લોબલ કેપિટલ બની ગયું છે. જે તડકો ભારતીય પ્રજા સરેરાશ સર્વ ઋતુમાં અનુભવે છે એ તો આપત્તિનો સાવ હળવો આરંભ છે. આ તડકાને ઓળખી લેવાની જરૂર છે. ૩૫ સેન્ટિગ્રેડથી વધારાનું ઉષ્ણતામાન મનુષ્યના ચૈતસિક કોષો અને મસ્તિષ્કની સૂક્ષ્મ પ્રણાલિકાને કાયમી ધોરણે નુકસાન કરે છે. વધતા ઉષ્ણતામાનને કારણે કોઈ પણ દેશની બૌદ્ધિક સંપદામાં ઘટાડો થઈ શકે છે. આ વખતનો ઉનાળો મનુષ્યેતર જીવસૃષ્ટિ માટે ઘાતક છે. ચકલી અને કબુતર બે એવા પંખીઓ છે જેને ભારે ગરમીમાં ઉડ્ડયન વિના પણ હાંફ ચડી જાય છે અને પછી એકાએક જ તેઓ શ્વાસ ચૂકી જાય છે. કુદરતનું વ્યવસ્થાતંત્ર એવું છે કે જે આજે ઈતર જીવોએ ભોગવવાનું આવે તે જ આવતીકાલના વરસોમાં માનવજાતે વેઠવાનું આવે. ગ્લોબલ વોર્મિંગથી થઈ રહેલા જળવાયુ પરિવર્તનને કારણે છેલ્લા પચાસ વરસમાં દુનિયાના તમામ દેશોમાં આર્થિક અને સામાજિક ગતિમાં અવરોધ અથવા આશ્ચર્યજનક રીતે પ્ર-ગતિ નોંધાઈ છે.

છેલ્લી અરધી સદીમાં ગ્લોબલ વોર્મિંગને કારણે શ્રીમંત દેશો વધુ શ્રીમંત થયા છે અને ગરીબ પ્રજા વધુ ગરીબ બની છે. સ્ટેનફર્ડ યુનિવર્સિટીના સંશોધક પ્રાધ્યાપકોની એક ટુકડીએ અખંડ પરિશ્રમથી કરેલા અભ્યાસમાં સપાટી પર આવેલા તારણો એક રીતે વિકાસશીલ અને અવિકસિત દેશો માટે ચેતવણીની નવી ઘંટડી છે. આ સંશોધન કહે છે તે પ્રમાણે વધતા ઉષ્ણતામાનને કારણે ભારતીય અર્થતંત્રને એકત્રીસ ટકા નુકસાન જઈ રહ્યું છે. એટલે કે ગ્લોબલ વોર્મિંગની ભયાનક નકારાત્મક અસરો ભારત પર ન પડી હોત તો આપણું અર્થતંત્ર હજુ તેત્રીસ ટકા વધુ આગળ વધી ગયું હોત. આપણે વિકાસની જે કલ્પના કરીએ છીએ તે તો ક્યારનીય સાકાર થઈ ગઈ હોત. આનો અર્થ એ છે કે આપણે હવે કુદરતનું સંતુલન વેરવિખેર કરવાની આકરી કિંમત ચૂકવવા લાગ્યા છીએ. અને તોય આ માત્ર ઘેરી કરૂણતાનો પ્રથમ અધ્યાય જ છે. આગળના ખતરનાક વળાંક માટે નાછૂટકે સહુએ તૈયાર રહેવાનું છે. દુનિયાના દેશો વચ્ચે જળ યુદ્ધ શરૂ થવાને ઝાઝાં વરસોની વાર નથી. કારણ કે પર્યાવરણને આપણે વાતોના વડા તરીકેનો વિષય બનાવેલો છે. એમાં વિચાર હિમાલય જેવડા છે અને અમલવારીમાં શૂન્યાવકાશ પ્રવર્તે છે. સ્ટેનફર્ડ યુનિવર્સિટીના આ નૂતન સંશોધન પ્રમાણે સુદાનને ૩૬ ટકા, નાઈજિરિયાને ૨૯ ટકા, ઈન્ડોનેશિયાને ૨૭ અને બ્રાઝિલને ૨૫ ટકાનું નુકસાન ગયું છે.

એટલે કે ગ્લોબલ વોર્મિંગ તરફની ઉદાસીને કારણે એ દેશોનો આર્થિક વિકાસ એટલો પાછો પડયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈ. સ. ૧૯૧૦ થી ઈ. સ. ૨૦૨૫ દરમિયાનના દરેક દેશો વચ્ચેના આર્થિક વિકાસ વચ્ચેના ભેદના કારણોમાં ૨૫ ટકા યોગદાન તો પર્યાવરણીય અસમતુલાથી વધતું જતું ઉષ્ણતામાન જ છે. કારણ કે તાપમાનની સીધી અસર કુદરતી અને ઔદ્યોગિક એમ બન્ને પ્રકારની ઉત્પાદકતા પર થાય છે. એ રીતે છેલ્લા પચાસ વરસના ૧૬૫ દેશોના ઉષ્ણતામાન અને એના રાષ્ટ્રીય વિકાસ દરની તુલનાત્મક વિવેચના કરવામાં આવી છે.

નવાઈની વાત એ છે કે ગ્લોબલ વોર્મિંગથી જે ઠંડા દેશોનું ઉષ્ણતામાન વધ્યું છે એને આનો લાભ પણ થયો છે. જેમ કે નોર્વેનું ઉષ્ણતામાન વધીને સામાન્યની નજીક પહોંચી ગયું છે. તો એનો રાષ્ટ્રીય વિકાસ દર ઊંચે ને ઊંચે જવા લાગ્યો છે. એનાથી વિપરીત ભારત જેવા સમશીતોષ્ણ કહેવાતા પણ અનુભવે ખરેખર ઉષ્ણ બની ગયેલા દેશનું તાપમાન વધવાથી આર્થિક વિકાસનો ઘટાડો આપણે ભોગવવાનો આવ્યો છે. વધતા જતા ઉષ્ણતામાને જૈવવૈવિધ્ય પર પણ ગંભીર અસર કરી છે. અંદાજે વિવિધ જીવસૃષ્ટિની દસ લાખ પ્રજાતિઓ સંપૂર્ણ નામશેષ થવાના આરે છે. વરસાદી જંગલોનો નાશ થતો જાય છે અને બાકીના જંગલો પણ ઝાંખા થઈ ગયા છે. પડતર જમીનો તો દરેક દેશ પાસે લાખો અને કરોડો હેક્ટરની છે પણ એના પર નવા જંગલો વિકસાવવામાં કોઈ પણ દેશના કોઈ રાજકર્તાને રસ નથી. દુનિયામાં બધે જ ટૂંકી દ્રષ્ટિ ધરાવતા લોકોનું શાસન છે. જગતકાજી ગણાતા અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ પણ જો નફફટ થઈને પર્યાવરણ સંબંધિત વિવિધ સંધિઓમાંથી છેડો ફાડી નાંખતા હોય તો બીજા દેશોની સ્વાર્થલુબ્ધ અવદશાની તો શું વાત કરવી !દેશ અને દુનિયાના કૃષિક્ષેત્રોમાં રાસાયણિક ખાતરના ઉપયોગને કારણે અન્ન ઉત્પાદનની ગુણવત્તામાં જે ઘટાડો થયો છે એને કારણે માનવ શરીરના આંતરિક ઉષ્ણતામાનની સ્થિતિસ્થાપકતામાં ઘટાડો થયો છે.

## NEET UG માં ૯૯.૯૯ પર્સન્ટાઈલ આવ્યા, છતાં વિદ્યાર્થીએ જીવન ટૂંકાવ્યું



મુંબઈ,

મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના સિંદેવાહી તાલુકાના રહેવાસી ૧૯ વર્ષીય અનુરાગ અનિલ બોરકારે NEET UG ૨૦૨૫માં ૯૯.૯૯ પર્સન્ટાઈલ મેળવીને ઓબીસી કેટેગરીમાં ઓલ ઈન્ડિયા ૧૪૭૫મો રેંક હાંસલ કર્યો હતો. આ સફળતા પછી તે ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં એમબીબીએસ કરવાની તૈયારી કરી રહ્યો હતો. જો કે, ગોરખપુર જતા પહેલા તેણે ઘરમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે.

મળતી વિગતો પ્રમાણે, વિદ્યાર્થીની ઓળખ અનુરાગ અનિલ બોરકર તરીકે થઈ છે. તેને ઉત્તર પ્રદેશના ગોરખપુરની એક કોલેજમાં એડમિશન લેવાનું હતું. જોકે, આ પૂર્વે ઘરેથી નીકળતા પહેલા તેણે આત્મહત્યા કરી લીધી હતી.

અનુરાગે આત્મહત્યા પહેલા એક સુસાઈડ નોટ લખી હતી, જેમાં તેણે લખ્યું હતું કે, તે ડૉક્ટર બનવા નહોતો માંગતો. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. અનુરાગે ૨૦૨૫ ની NEET UG પરીક્ષામાં ૯૯.૯૯ ટકા મેળવ્યા હતા.ંજ્ઞ્ક કેટેગરીમાં અનુરાગે નીટમાં ઓલ ઈન્ડિયા રેંક ૧૪૭૫ મેળવ્યો હતો.મહારાષ્ટ્ર પોલીસના જણાવ્યા પ્રમાણે, ગોરખપુર જવાના એક દિવસ પહેલા અનુરાગે પોતાના ઘરે જ આત્મહત્યા કરી હતી. અનુરાગ પોતાના ઘરમાં જ ફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું. ઘટના સ્થળેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી.

એસીનો ઉપયોગ ટાળવાથી થઈ રહ્યો છે હિટ સ્ટ્રોક

# જાપાનમાં હીટવેવનો કહેર, સેંકડો લોકોના મોત નિપજ્યા



ટોકિયો,

જાપાને બીજા વિશ્વયુદ્ધ બાદ વીજળીની ગતિએ પ્રગતિ કરી. તેણે વૈશ્વિક સ્તરે ટેક્નોલોજી ક્ષેત્રે વર્ચસ્વ સ્થાપિત કર્યું. વિકાસની આ ઝડપી ગતિએ રાષ્ટ્ર અને સમાજને ઘણું પાછળ છોડી દીધુ છે. આજે જાપાનમાં ક્લાઈમેટ ચેન્જ અને વૃદ્ધની વધતી વસ્તી એક નવું સંકટ ઉભું કરી રહ્યું છે. ૮૪ વર્ષીય તોશિયાકી મોરિયોકા જ્યારે પણ ઘરે હોય ત્યારે પોતાની સાથે એક એલાર્મ ડિવાઈસ રાખે છે. તાપમાન અને ભેજ વધતાં જ તે એક બટન દબાવે છે, જેના કારણે ઈમરજન્સી ટીમ તેમની મદદે આવે છે. આ ટીમ તોસિયાકી મોરિયોકાને નવડાવે છે અને ગરમીથી બચાવે છે.

જાપાનના દર ચોથા કે પાંચમા ઘરની આ એક સામાન્ય વાર્તા છે, કારણ કે હજારો લોકો જાપાનમાં હીટસ્ટ્રોકથી પ્રભાવિત થઈ રહ્યા છે. ઉનાળામાં રેકોર્ડબ્રેક ગરમીના કારણે હજારો લોકો ડિહાઈડ્રેટ થયા હતા. જાપાનની આ પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં સરકારે કટોકટીનો સામનો કરવા માટે એલાર્મ ડિવાઈસનો આશરો લીધો છે. જાપાનના આબોહવા સંકટ વચ્ચે, દેશની ઝડપથી વધતી વૃદ્ધ વસ્તીએ પણ જોખમ ઉભુ કર્યું છે. જાપાનમાં વૃદ્ધોની સંભાળ રાખવા માટે યુવા વર્ગ ખૂબ ઓછો છે.. જાપાનમાં એકલતા અને અન્ય સાંસ્કૃતિક પરિબળોનો સામનો કરતાં વૃદ્ધો માટે આ હિટસ્ટ્રોક વધુ સંવેદનશીલ બન્યો છે.વૃદ્ધો એસીથી ટેવાયેલા નથી, તેમજ તેમના હાથ-પગ એસીની હવામાં જકડાઈ જવાની ફરિયાદો પણ થતી હોય છે


જાપાનમાં લાખો વૃદ્ધ વસે છે. જેમની સંભાળ રાખવા માટે કોઈ નથી. જાપાનમાં રહેતાં તોશિયાકી મોરિયોકા પણ આ જ સમસ્યાનો સામનો કરે છે. તે પોતાના ઘરમાં એકલા છે અને સતત ચિંતા કરે છે કે જો તે બીમાર પડશે તો તેની સંભાળ કોણ રાખશે. એવામાં જાપાનમાં અંગ દઝાડતી ગરમીના કારણે તેઓ હીટસ્ટ્રોકનો સામનો પણ કરી રહ્યા છે. નોંધનીય છે, જાપાન એકમાત્ર એવો દેશ નથી જે આ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. દક્ષિણ કોરિયા અને ચીનમાં પણ તાજેતરમાં રેકોર્ડ હીટવેવનો અનુભવ થયો છે. યુરોપના મોટાભાગના ભાગોમાં જંગલમાં લાગેલી આગને કારણે અત્યંત ગરમ હવામાનનો અનુભવ થયો છે. જાપાનની સત્તાવાર હવામાન એજન્સી અનુસાર, જાપાને આ વર્ષે સૌથી ભયાવહ હીટવેવનો અનુભવ કર્યો છે. ઓગસ્ટમાં, જાપાને અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન, ૪૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધ્યું હતું. આ વર્ષે, જાપાને તેનો સૌથી લાંબો આકરો ઉનાળો અનુભવ્યો છે. જૂનમાં શરૂ થયેલી ઉનાળાની સીઝન સપ્ટેમ્બર સુધી ચાલુ રહી. ઓગસ્ટના અંતમાં મધ્ય ટોક્યોમાં સતત નવ દિવસ સુધી તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયુ હતું. મે અને ઓગસ્ટ દરમિયાન ૯૦,૦૦૦ લોકોને હીટસ્ટ્રોક માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં મોટાભાગના વૃદ્ધો હતા. ગરમીનો સામનો કરવા માટે સૌથી અસરકારક સાધન એર કન્ડીશનર છે, પરંતુ જાપાનમાં વૃદ્ધ લોકોની મોટી વસ્તી તેનો ઉપયોગ કરવાનું ટાળી રહ્યા છે. તાજેતરના ડેટા દર્શાવે છે કે ટોક્યોમાં હીટસ્ટ્રોકના ૧૦૧ મૃત્યુમાંથી, ૬૬ એવા રૂમમાં મૃત્યુ પામ્યા હતા જ્યાં એસી હતું, પણ તેનો ઉપયોગ થતો ન હતો. વૃદ્ધો એસીથી ટેવાયેલા નથી, તેમજ તેમના હાથ-પગ એસીની હવામાં જકડાઈ જવાની ફરિયાદો પણ થતી હોવાથી તેઓ એસીનો ઉપયોગ કરવાનું ટાળતાં હોવાનું જાણવા મળ્યું છે.

# નવી ફી વાર્ષિક નહીં પરંતુ વન ટાઈમ જ આપવાની રહેશે

વોશિંગ્ટન,

H-1B વિઝા માટે ફી વધારવાના નિર્ણયથી વિશ્વભરમાં હોબાળો મચી ગયો છે. આ એક મોટો ફટકો છે, ખાસ કરીને ભારતના ટેક જાયન્ટ્સ માટે. ૨૪ કલાકની અંદર, કંપનીઓએ કર્મચારીઓને યુએસ પાછા ફરવાનું કહ્યું છે, જેના પરિણામે વિમાન ભાડું બમણું થઈ ગયું છે. આ વચ્ચે H-1B વિઝા પર વ્હાઈટ હાઉસની સ્પષ્ટતા આવી છે.

H-1B વિઝા મામલે વ્હાઈટ હાઉસે મોટી સ્પષ્ટતા કરી છે. વ્હાઈટ હાઉસે જણાવ્યું કે, નવો ફી વધારો માત્ર નવી વિઝા અરજીકર્તાને જ લાગુ પડશે. નવી ફી વાર્ષિક નહીં પરંતુ વન ટાઈમ જ આપવાની રહેશે. જે લોકો પાસે H-1B વિઝા છે તેમણે નવી ફી નહીં ભરવી પડે. જે લોકો વિઝા રિન્યુ કરશે તેમણે પણ ફી નહીં ભરવી પડે. જે લોકો પાસે વિઝા છે તેઓ અવરજવર કરી શકશે. વ્હાઈટ હાઈસે સ્પષ્ટતા કરી કે, આ વાર્ષિક ફી નથી, વન ટાઈમ ફી છે. જે ફકત અરજી કરતા સમયે આપવાની રહેશે. જે લોકો પાસે H-૧મ્ વિઝા છે અને અમેરિકાની બહાર છે તે લોકોને પરત ફરતા સમયે ફી નહિ ચુકવવી પડે. જે લોકો પાસે વિઝા છે તે સામન્ય રીતે અમેરિકામાં આવી શકશે. આ વિઝા ફી ફકત નવા વિઝા લેશે તેમના માટે છે. રિન્યુ કરનાર કે જેમની પાસે છે તેમને લાગુ નહિ પડે. ટ્રમ્પ વ્હાઈટ હાઉસે $100,000 ની વધેલી H1B વિઝા ફીના વધુ કડક અર્થઘટનને પાછું ખેંચી લીધું છે, સ્પષ્ટતા કરી છે કે તે વર્તમાન વિઝા ધારકોને અસર કરતું નથી અને માર્ચ ૨૦૨૬ ની આસપાસ શરૂ થનારા આગામી લોટરી ચક્રમાં ફક્ત વિઝા અરજદારોને જ લાગુ પડે છે. યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકના રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે આપેલા નિવેદનનો સીધો વિરોધ કરતા કે H1B વિઝા પર $100,000 સ્ટીકર શોક વાર્ષિક ફી હશે, વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે પણ સ્પષ્ટતા કરી છે કે તે એક વખતની ફી હશે જે ફક્ત નવી અરજીઓ પર લાગુ થશે, નવીકરણ અથવા વર્તમાન વિઝા ધારકો પર નહીં. જે લોકો વિઝા રિન્યુ કરશે તેમણે પણ ફી નહીં ભરવી પડે. જે લોકો પાસે વિઝા છે તેઓ અવરજવર કરી શકશે. વ્હાઈટ હાઈસે સ્પષ્ટતા કરી કે, આ વાર્ષિક ફી નથી, વન ટાઈમ ફી છે. જે ફકત અરજી કરતા સમયે આપવાની રહેશે. જે લોકો પાસે H-૧મ્ વિઝા છે અને



અમેરિકાની બહાર છે તે લોકોને પરત ફરતા સમયે ફી નહિ ચુકવવી પડે."જેઓ પહેલાથી જ H-1B વિઝા ધરાવે છે અને હાલમાં દેશની બહાર છે તેમને ફરીથી પ્રવેશ માટે $100,000 ચાર્જ કરવામાં આવશે નહીં. H-1B વિઝા ધારકો સામાન્ય રીતે જેટલી હદ સુધી દેશ છોડી શકે છે અને ફરીથી પ્રવેશ કરી શકે છે; જે લોકો વિઝા રિન્યુ કરશે તેમણે પણ ફી નહીં ભરવી પડે. જે લોકો પાસે વિઝા છે તેઓ અવરજવર કરી શકશે.તેમની પાસે જે પણ ક્ષમતા હોય તે ગઈકાલની ઘોષણાથી પ્રભાવિત થશે નહીં," શુક્રવારે ઓવલ ઓફિસમાં રાષ્ટ્રપતિના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર ટ્રમ્પ-લુટનિકના પ્રેસ નિવેદન બાદ લેવિટે એક નિવેદનમાં જણાવ્યું હતું.

H-1B વિઝા પ્રતિબંધોનો લાભ લેવાનો પ્રયાસ

# જર્મનીએ ફિલિપ એકરમેને કુશળ ભારતીય કામદારોને ખુલ્લું આમંત્રણ




જર્મની,

અન્ય દેશો ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા અમેરિકામાં ચાલી રહેલા H-1B વિઝા પ્રતિબંધોનો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. હવે, યુરોપનું સૌથી મજબૂત અર્થતંત્ર ગણાતા જર્મનીએ ભારતીય પ્રતિભાઓને આકર્ષવાનું શરૂ કર્યું છે. ભારતમાં જર્મન રાજદૂત ડૉ. ફિલિપ એકરમેને કુશળ ભારતીય કામદારોને ખુલ્લું આમંત્રણ આપ્યું છે અને જર્મનીને અમેરિકાના સ્થિર અને નફાકારક વિકલ્પ તરીકે રજૂ કર્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક વિડિઓ પોસ્ટ કરીને, તેમણે લખ્યું કે આ મારી તમામ ઉચ્ચ કુશળ ભારતીયોને અપીલ છે. જર્મની તેની સ્થિર ઈમિગ્રેશન નીતિઓ અને IT, મેનેજમેન્ટ, વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રોમાં ભારતીયો માટે ઉત્તમ નોકરીની તકો સાથે એક અનોખું સ્થાન ધરાવે છે.વિડિઓ સંદેશમાં, રાજદૂતે સમજાવ્યું કે જર્મનીમાં સૌથી વધુ કમાણી કરનારાઓમાં ભારતીયો કેવી રીતે છે. તેમણે કહ્યું કે જર્મનીમાં કામ કરતો સરેરાશ ભારતીય સરેરાશ જર્મન કરતાં વધુ કમાણી કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ એક સારી બાબત છે. એકરમેને વધુમાં જણાવ્યું હતું કે ઊંચા પગારનો અર્થ એ છે કે ભારતીયો આપણા સમાજ અને આપણા વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. અમે સખત મહેનત અને શ્રેષ્ઠ લોકોને શ્રેષ્ઠ નોકરીઓ પૂરી પાડવામાં માનીએ છીએ.જર્મન રાજદૂતની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે અમેરિકાએ વિદેશી કામદારો પર પોતાની પકડ કડક કરી છે, H-1B વિઝા ફી પ્રતિ અરજી $100,000 સુધી વધારી દીધી છે. અગાઉ, તે લગભગ $5,000 હતી. આ ફેરફાર ભારતીય ટેક નિષ્ણાતો અને આઉટસોર્સિંગ કંપનીઓ માટે ફટકો છે, જે આ વિઝા પ્રોગ્રામ પર ખૂબ આધાર રાખે છે. ટ્રમ્પ વહીવટીતંત્ર કહે છે કે નવા નિયમો અમેરિકન કામદારોને પ્રાથમિકતા આપવાનો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ એક સારી બાબત છે. એકરમેને વધુમાં જણાવ્યું હતું કે ઊંચા પગારનો અર્થ એ છેઆ ફેરફારો વચ્ચે, જર્મન રાજદૂતે જર્મનીની ઈમિગ્રેશન નીતિની ચર્ચા કરી અને ભાર મૂક્યો કે જર્મનીમાં નિયમો રાતોરાત બદલાતા નથી. તેમણે જર્મનીની ઈમિગ્રેશન નીતિની તુલના વિશ્વ વિખ્યાત જર્મન કાર સાથે કરી. તેમણે કહ્યું, "અમારી ઈમિગ્રેશન નીતિ કંઈક અંશે જર્મન કાર જેવી કામ કરે છે. ભારતમાં જર્મન રાજદૂત ડૉ. ફિલિપ એકરમેને કુશળ ભારતીય કામદારોને ખુલ્લું આમંત્રણ આપ્યું છે અને જર્મનીને અમેરિકાના સ્થિર અને નફાકારક વિકલ્પ તરીકે રજૂ કર્યું છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક વિડિઓ પોસ્ટ કરીને, તેમણે લખ્યું કે આ મારી તમામ ઉચ્ચ કુશળ ભારતીયોને અપીલ છે. જર્મની તેની સ્થિર ઈમિગ્રેશન નીતિઓ અને IT, મેનેજમેન્ટ, વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રોમાં ભારતીયો માટે ઉત્તમ નોકરીની તકો સાથે એક અનોખું સ્થાન ધરાવે છે.વિડિઓ સંદેશમાં, રાજદૂતે સમજાવ્યું કે જર્મનીમાં સૌથી વધુ કમાણી કરનારાઓમાં ભારતીયો કેવી રીતે છે. તેમણે કહ્યું કે જર્મનીમાં કામ કરતો સરેરાશ ભારતીય સરેરાશ જર્મન કરતાં વધુ કમાણી કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ એક સારી બાબત છે. એકરમેને વધુમાં જણાવ્યું હતું કે ઊંચા પગારનો અર્થ એ છે કે ભારતીયો આપણા સમાજ અને આપણા વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. અમે સખત મહેનત અને શ્રેષ્ઠ લોકોને શ્રેષ્ઠ નોકરીઓ પૂરી પાડવામાં માનીએ છીએ. તે વિશ્વસનીય, આધુનિક અને અનુમાનિત છે. તે ખાડાવાળા રસ્તાને બદલે સીધી આગળ વધશે.જર્મની હાલમાં વૃદ્ધોની વસ્તી સાથે ઝઝૂમી રહ્યું છે. નિષ્ણાતોનો અંદાજ છે કે દેશમાં વૃદ્ધ લોકોની વધતી સંખ્યાને કારણે, જર્મન અર્થતંત્રને ૨૦૪૦ સુધીમાં વાર્ષિક આશરે ૨૮૮,૦૦૦ ઈમિગ્રન્ટ્સની જરૂર પડશે. આ માંગને પહોંચી વળવા માટે, જર્મનીએ ૨૦૨૪માં ૧૦% થી વધુ વ્યાવસાયિક વિઝા આપવાની અને ભારતીય કામદારો માટે ફાળવણી માં નોંધપાત્ર વધારો કરવાની યોજના જાહેર કરી છે. ગયા વર્ષે, જર્મનીએ ૨૦૦,૦૦૦ વ્યાવસાયિક વિઝા આપવાનું વચન આપ્યું હતું, જેમાંથી ૯૦,૦૦૦ ભારતીયો માટે રાખવામાં આવ્યા હતા. લગભગ ૧૩૦,૦૦૦ ભારતીય વ્યાવસાયિકો પહેલાથી જ જર્મનીમાં રહે છે.

ચોમાસાનું રૌદ્ર સ્વરૂપ : , હજુ અનેક ગુમ

# કોલકાતા-મરાઠાવાડામાં આભ ફાટ્યું, મૃત્યુઆંક ૧૮ થયો

કોલકાતા,

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં રાતોરાત ધોધમાર વરસાદ ખાબક્યો હતો, જેને પગલે આખુ શહેર અને આસપાસના વિસ્તારો થંભી ગયા હતા. દરમિયાન વરસાદની વિવિધ ઘટનાઓમાં ૧૦ લોકો માર્યા ગયા હતા. જેમાં નવ લોકો વીજ કરંટને કારણે માર્યા ગયા હતા. બીજી તરફ મહારાષ્ટ્રના મરાઠાવાડામાં પણ ભારે વરસાદ પડયો છે, સમગ્ર વિસ્તારમાં વરસાદની વિવિધ ઘટનાઓમાં આઠ લોકો માર્યા ગયા હતા. ચોમાસુ વિદાય લઈ રહ્યું છે એવા સમયે જ કોલકાતાને વરસાદે ધમરોળ્યું હતું.કોલકાતામાં માત્ર ૨૪ કલાકમાં જ ૨૫૦ મીમીથી વધુ વરસાદ પડયો હતો જે ૧૯૮૬ પછી આટલા ઓછા સમયમાં પડેલો સૌથી વધુ વરસાદ માનવામાં આવે છે. જ્યારે ૧૩૭ વર્ષ પછી એક જ દિવસમાં છઠ્ઠી વખત આટલો વરસાદ પડયો છે. આ પહેલા કોલકાતામાં ૧૯૭૮ માં ૩૬૯ મીમી વરસાદ નોંધાયો હતો. રાતોરાત આટલો વરસાદ પડતા કોલકાતા જાણે થંભી ગયું છે, મેટ્રો ટ્રેન અટકી ગઈ છે, અનેક ફ્લાઈટો રદ કરવામાં આવી છે. ઠેરઠેર જળબંબાકારને કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. દરમિયાન વીજળીના અર્થિંગને કારણે જ નવ લોકો માર્યા ગયા હતા.સ્થિતિને ધ્યાનમાં રાખીને બંગાળ સરકારે કોલકાતામાં દુર્ગા પૂજા પહેલા જ શાળાઓ-કોલેજોમાં રજાઓ જાહેર કરી દીધી છે. એક જ સમયે આટલો ધોધમાર વરસાદ પડતા મુખ્યમંત્રી મમતા બેનરજી પણ આશ્ચર્યમાં મુકાયા હતા, તેમણે કહ્યું હતું કે મે અગાઉ ક્યારેય પણ આવો વરસાદ નથી જોયો, આઠ લોકો કોલકાતામાં જ્યારે બે લોકો ૨૪ પરગાણસમાં માર્યા ગયા છે. કોલકાતામાં માત્ર ૨૪ કલાકમાં જ ૨૫૦ મીમીથી વધુ વરસાદ પડયો હતો જે ૧૯૮૬ પછી સૌથી વધુ વરસાદવીજળી પુરી પાડતી ખાનગી કંપની સીઈએસસીએ પીડિતોને પાંચ લાખનું વળતર આપવું જોઈએ. હું કોલકાતાના મેયર, રાજ્યના મુખ્ય સચિવ, વરિષ્ઠ અધિકારીઓના સંપર્કમાં છું. ફરક્કા બેરેજની યોગ્ય રીતે સફાઈ નથી થતી જેને કારણે દર વખતે જ્યારે બિહાર, ઉત્તર પ્રદેશ, મુંબઈ, દિલ્હી દરેક જગ્યાએ વરસાદ પડે છે ત્યારે પાણી ભરાઈ જાય છે. આ વખતે વરસાદ થોડો અસામાન્ય છે. કોલકાતામાં અનેક સ્થળે મેટ્રો સેવા બંધ કરી દેવાઈ હતી, ૨૪ અને ૨૫ તારીખ સુધી શાળાઓ-કોલેજોમાં રજાઓ જાહેર કરી દેવાઈ છે, કોલકાતા એરપોર્ટ પર પણ ભારે પાણી ભરાયા છે જેને કારણે ફ્લાઈટોની અવર જવર પર માઠી અસર પહોંચી હતી, અહેવાલો મુજબ આશરે ૩૦ જેટલી ફ્લાઈટને રદ કરી દેવામાં આવી છે જ્યારે ૪૨ જેટલી ફ્લાઈટ્સને વિલંબ થયો હતો. કોલકાતા અને આસપાસના વિસ્તારોમાં હજુ પણ બે કે ત્રણ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરાઈ છે.બીજી તરફ મહારાષ્ટ્રના મરાઠવાડામાં છેલ્લા બે ત્રણ દિવસથી ભારે વરસાદ પડી રહ્યો જેની સાથે સંકળાયેલી વિવિધ ઘટનાઓમાં આઠ લોકો માર્યા ગયા છે. અહેવાલો મુજબ મરાઠવાડામાં છેલ્લા ૫૦ વર્ષોનો સૌથી ભારે વરસાદ પડયો છે. જેને કારણે આવેલા પૂરમાં ૧૫૯ ગામડાઓને અસર પહોંચી છે. આશરે ૭૫૦થી વધુ મકાનોને નુકસાન પહોંચ્યું છે. ૩૩૦૦૦ હેક્ટરમાં પાકનો નાશ થયો છે. ત્રણ પુલ તુટી પડયા છે જ્યારે બે શાળાઓ અને પાંચ નાના ડેમ તુટી ગયા છે.

### પેપર લીકનો આક્ષેપ કરવામાં આવ્યો

# અમદાવાદમાં જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ઉમેદવારોનો હોબાળો



અમદાવાદ,
ગુજરાતની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ (આણંદ, જૂનાગઢ, નવસારી અને સરદાર કૃષિ યુનિવર્સિટી – દાહોદ) દ્વારા આજે (૨૧ સપ્ટેમ્બર) લેવાયેલી જુનિયર ક્લાર્ક (વર્ગ-૩)ની પરીક્ષામાં અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં ફાળવેલા લિટલ બર્ડ સ્કૂલના પરીક્ષા કેન્દ્ર પર ભારે હોબાળો થયો હતો. આ ઉમેદવારોએ ગંભીર આક્ષેપ કરતા કહ્યું છે કે, આ પેપર લીક થઈ ગયું છે અને પરીક્ષાના નિયમોનો પણ ભંગ થયો છે. આ વિદ્યાર્થીઓએ દાવો કર્યો હતો કે પરીક્ષા શરૂ થવાના નિયત સમય કરતાં ઘણો મોડો તેમને ઓએમઆર શીટ અને પ્રશ્નપત્ર આપવામાં આવ્યા હતા.

એક ઉમેદવારે જણાવ્યું હતું કે, અમને ઓએમઆર શીટ દોઢથી પોણા બે વાગ્યાની વચ્ચે મળી જવી જોઈએ, પરંતુ અમને તે ૨:૦૫ મિનિટે આપવામાં આવી.જુનિયર ક્લાર્ક (વર્ગ-૩)ની પરીક્ષામાં ઈસનપુરમાં ફાળવેલા લિટલ બર્ડ સ્કૂલના પરીક્ષા કેન્દ્ર પર હોબાળો બીજા એક ઉમેદવારે વધુ ગંભીર આક્ષેપ કરતાં કહ્યું હતું કે, ક્લાસમાં પેપરનું બંડલ ખોલવાને બદલે, સુપરવાઈઝર સાહેબો અમારી સામે ખુલ્લાં પેપર લઈને ફરતા હતા. જ્યારે અમે પેપર માગ્યા, ત્યારે તેમણે કહ્યું કે પેપર ઓછા છે, એટલે અમે આપતા નથી. આ ઘટનાથી રોષે ભરાયેલા ઉમેદવારોએ પરીક્ષા કેન્દ્ર પર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને પેપર લીક થઈ ગયું છે તેવી બૂમો પાડી હતી. આ ઘટનાને કારણે પરીક્ષા કેન્દ્ર પર તંગ વાતાવરણ સર્જાયું હતું. ઉમેદવારોએ આ મામલે તાત્કાલિક તપાસ કરવાની અને ન્યાય આપવાની માગ કરી છે. આ અંગે કૃષિ યુનિવર્સિટીના સત્તાધીશો તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

### પ્રાથમિક સુવિધાના કામો થયા નથી : સ્થાનિકોનો આક્ષેપ

# નાનાચીલોડામાં પાણી-ખરાબ રોડને લઈને સ્થાનિકોનો વિરોધ




અમદાવાદ,
રાજ્યમાં ઘણા વિસ્તારોમાં રોડ-રસ્તા, ગટર સહિતની પાયાની જરૂરિયાતથી વંચિત લોકો દ્વારા વિરોધ નોંધાવતા હોવાની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદના નાનાચીલોડા ગામના સ્થાનિકો પાણી-ખરાબ રોડને લઈને વિરોધ નોંધાવ્યો હતો. રોષે ભરાયેલા સ્થાનિકોએ ભાજપના કોર્પોરેટર અને ધારાસભ્યો ગુમ થયા હોવાના ફોટા અને લખાણ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું.અમદાવાદના નાનાચીલોડા ખાતે સ્થાનિકો ખરાબ રોડ-રસ્તા, ગટર અને પાણીને લઈને આજે (૨૧ સપ્ટેમ્બર) વિરોધ પર ઉતર્યા હતા. કમળનું ફૂલ અમારી ભૂલ, ભારતીય જૂઠા પાર્ટી, રસ્તા તૂટેલા નેતા સૂતેલા સહિતના પોસ્ટર સાથે વિરોધ નોંધાવી રહેલા સ્થાનિકોનું કહેવું છે કે, અમારે ખરાબ રોડ અને ગટર ઉભરાવવાની સમસ્યા છે અને ગામમાં પાણી પણ આવતું નથી.સરદારનગર વોર્ડમાં સમાવિષ્ટ કરવામાં આવેલા નાનાચીલોડાના સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, છેલ્લા પાંચ વર્ષમાં નાનાચીલોડા વિસ્તારમાં પ્રાથમિક સુવિધાના કામો થયા નથી. આ મામલે લોકોએ સરદાર નગર વોર્ડના ભાજપના ચારેય કોર્પોરેટર અને ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના અલ્પેશ ઠાકોર અને પૂર્વ લોકસભાના સાંસદ હસમુખ પટેલના ફોટો પોસ્ટર સાથે સાંસદ-કોર્પોરેટર ગુમ હોવાનું કહીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

### ગાંધીનગર લૂંટ વિથ મર્ડરમાં મોટો પુરાવો હાથ લાગ્યો

# CCTV માં કેનાલ પાસે જતો શખ્સ દેખાયો, સાઈકો કિલરની શક્યતા




ગાંધીનગર,
ગાંધીનગરના અડાલજના અંબાપુર પાસે લુંટ વિથ મર્ડરના કેસમાં ગાંધીનગર પોલીસે શંકાસ્પદ વ્યક્તિને પકડવા માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. દહેગામ વિસ્તારમાં પોલીસ નાકાબંધી કરી છે. પ્રાથમિક માહિતી મુજબ સાઈકો કિલરે હત્યા કરી હોવાની શકયતા છે.

ગાંધીનગરમાં અડાલજ કેનાલ પાસે લૂંટ વિથ મર્ડરના ગુનામાં પોલીસને એક મહત્વની કડી હાથમાં લાગી છે.

પોલીસે બનાવ સ્થળ આસપાસના સીસીટીવી તપાસતા આશરે એકાદ વાગ્યાની આસપાસ એક શખ્સ બાઈક લઈને કેનાલના સર્વિસ રોડ પર જતો જોવા મળ્યો છે. રાત્રે બે અઢી વાગ્યાના અરસામાં બહાર નીકળતો પણ જોવા મળ્યો છે.

પોલીસે આ ગુનાનો ભેદ ઉકેલવા માટે ઉક્ત મોડસ ઓપરેન્ડીથી ગુનાને અંજામ આપનાર આરોપીઓની નામાવલી શોર્ટ લિસ્ટ કરવામાં આવી હતી. જેમાં ભૂતકાળમાં બે વર્ષ અગાઉ લુંટ વિથ મર્ડરના ગુનાને અંજામ આપનાર એક આરોપી જામીન ઉપર છૂટીને બહાર આવ્યો હોવાનું તપાસમાં ખૂલ્યું છે. પોલીસે આ આરોપીને ઝડપી પાડવા ચારે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સીસીટીવીમાં એકાદ વાગ્યાની આસપાસ એક શખ્સ બાઈક લઈને કેનાલના સર્વિસ રોડ પર જતો જોવા મળ્યો ગઈકાલે ઘટના બન્યા બાદથી જ ગાંધીનગર પોલીસની અલગ અલગ ટીમો ટેકનિકલ અને વ્યુમન સોર્સના આધારે શકમન આરોપીને ઝડપી પાડવા માટે એક્ટિવ થઈ હતી. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે આરોપી દહેગામ તરફ ભાગ્યો છે. જેના પગલે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ દહેગામ વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. આરોપી દહેગામના નાદોલ વિસ્તારમાં હોવાની માહિતીના આધારે પોલીસે સર્ચ હાથ ધર્યું હતું.

આરોપીને પકડવા માટે પોલીસે ફાયરિંગ કર્યું હોવાની વાત પણ સામે આવી હતી. જોકે, બાદમાં આ મામલે એસપી રવિ તેજા વાસમ શેટ્ટીએ સ્પષ્ટતા કરી કે, ફાયરિંગ જેવું કશું નથી. શકમંદ આરોપીને પકડવા માટે પોલીસની ટીમો દહેગામ વિસ્તારમાં શોધખોળ હાથ ધરી રહી છે.

### હવે ગુજરાતમાં નવું કૌભાંડ સામે આવ્યું!

# મહેસાણામાં ૨૫૦થી વધુ ખોટી રીતે નોંધાયેલા લગ્નોનો ચોંકાવનારો ઘટસ્ફોટ




મહેસાણા,
તાજેતરમાં મહેસાણા જિલ્લામાં એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે, જેમાં ૨૫૦ કરતાં પણ વધુ લગ્નોની ખોટી નોંધણી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ કૌભાંડનો પર્દાફાશ વરુણ પટેલે પુરાવાઓ સાથે મહેસાણાના વિજાપુર ખાતે કર્યો છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચાવ્યો છે અને સરકારી તંત્રની બેદરકારી પર અનેક સવાલો ઊભા કર્યા છે.વરુણ પટેલના દાવા મુજબ, આ કૌભાંડનું મૂળ બનાસકાંઠાના ડીસા તાલુકાના સમૌ ગામમાં છે. આ ગામની ગ્રામ પંચાયતમાં લગ્નની ખોટી નોંધણી થતી હોવાનું સામે આવ્યું છે. નોંધણીના રેકોર્ડ્સની તપાસ કરતાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં, આ ગામમાં કુલ ૧૫૯ લગ્નોની નોંધણી થઈ હતી, જેમાંથી ૧૩૩ લગ્નો તો માત્ર ૨૦૨૧ના વર્ષમાં જ નોંધાયા હતા. આ આંકડો અસામાન્ય રીતે ઊંચો હતો, જેના પરથી શંકા જાગી.વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે, ૨૦૨૧માં જ્યારે તલાટીની બદલી થઈ, તે પછીના વર્ષો એટલે કે ૨૦૨૨ અને ૨૦૨૩માં લગ્નની નોંધણીનો આંકડો dramatically ઘટીને માત્ર ૫ જ થઈ ગયો હતો. આ બાબત સ્પષ્ટ સંકેત આપે છે કે ૨૦૨૧માં થયેલા લગ્નની મોટી સંખ્યા પાછળ કંઈક ગેરરીતિ હતી. કૌભાંડની પદ્ધતિઃ સામાન્ય સાક્ષી અને બનાવટી સ્થળ વરુણ પટેલ દ્વારા રજૂ કરાયેલા પુરાવા મુજબ, આ ખોટી નોંધણી પાછળ એક ચોક્કસ પદ્ધતિ અપનાવવામાં આવી હતી. એક જ સ્થળઃ મોટાભાગના લગ્નમાં સ્થળ તરીકે ભગવાનપુરાના જોગમાયા માતા મંદિરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

સમાન સાક્ષીઃ મોટાભાગના લગ્નના એફિડેવિટમાં એક જ સાક્ષી અથવા તો એક જ જૂથના સામાન્ય સાક્ષીઓની નોંધણી થઈ હતી.

એક જ પંડિતઃ લગ્ન કરાવનાર પંડિત તરીકે પાલનપુરના મુકેશભાઈ શાસ્ત્રીનું નામ પણ સામાન્ય હતું.

જોકે, આ મામલે ગામના સરપંચ અને સ્થાનિક લોકોના નિવેદનો પણ ખૂબ જ મહત્ત્વના છે. તેમનું કહેવું છે કે, ગામના આ મંદિરમાં ક્યારેય કોઈ લગ્ન થયા નથી. આ નિવેદનોએ કૌભાંડને વધુ પુષ્ટિ આપી છે. આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થતાં જિલ્લા વિકાસ અધિકારી સ્વપનિલ ખરેએ આ મામલે પુષ્ટિ આપી છે. વરુણ પટેલ દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, આ મામલે કડક તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ કૌભાંડ પાછળ કોણ કોણ જવાબદાર છે અને તેનો હેતુ શું હતો, તે અંગે આગામી દિવસોમાં વધુ વિગતો બહાર આવી શકે છે.આ ઘટનાએ માત્ર સરકારી તંત્રની બેદરકારી જ નહીં, પણ ખોટી રીતે લગ્ન નોંધાવીને વિવિધ સરકારી યોજનાઓ અથવા અન્ય લાભો મેળવવાની ગેરરીતિઓ પર પણ પ્રકાશ પાડ્યો છે. આ કૌભાંડમાં સામેલ ગુનેગારો સામે કડક કાર્યવાહી થાય તે જરૂરી છે, જેથી ભવિષ્યમાં આવા બનાવો રોકી શકાય.

### ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કરી જાહેરાત

# ગરબા હોય કે લારી ગલ્લા મોડી રાત સુધી ચલાવી શકાશે



ગાંધીનગર,
ગુજરાતમાં આવતીકાલથી નવરાત્રીનો વિધિવત્ત રીતે પ્રારંભ થઈ રહ્યો છે. સમગ્ર વિશ્વનાં સૌથી મોટા ડાન્સિંગ ફેસ્ટિવલના આયોજનના પગલે દેશ વિદેશથી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીનો ગુજરાતીઓ અને વિદેશી નાગરિકો પણ આવી રહ્યા છે. જો કે ગરબા ૧૨ વાગ્યે પુર્ણ કરવાનું પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જો કે હવે ગૃહમંત્રી દ્વારા વ્યાપારીઓ માટે રાહતના સમાચાર સમાન જાહેરાત કરી છે.અસામાજિક તત્વોથી પણ સચેત રહેવા માટેની અપીલ ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવી હતી હર્ષ સંઘવીએ ગરબાપ્રેમીઓ માટે પણ મોડી રાત સુધી ગુજરાતીઓ ગરબા રમી શકે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. મહિલાઓ મોડી રાત સુધી ગરબા રમી શકશે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. માં અંબાની ભક્તિ અને ઓપરેશન સિંદૂરની શક્તિ સાથે ગરબા રમાશે. ખાણી-પીણીની લારી ચલાવતા લોકો મોડે સુધી રોજગારી મેળવી શકશે તેવી વ્યવસ્થા પણ સરકાર દ્વારા કરવામાં આવી છે.

તમામના હિતોને ધ્યાનમાં રાખીને લારીગલ્લાના ધારકોને મોડીરાત સુધી પોતાની દુકાનો ખુલ્લી રાખી શકશે. કોઈ પણ પ્રકારની સમસ્યા સર્જાય તો ૧૧૨ નંબર પર કોલ કરવાની પણ અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત અસામાજિક તત્વોથી પણ સચેત રહેવા માટેની અપીલ ગૃહમંત્રી દ્વારા કરવામાં આવી છે. ગૃહરાજ્યમંત્રી દ્વારા ખેલૈયાઓથી માંડીને વેપારીઓ સુધી તમામને રાહત થાય તેવી જાહેરાત કરવામાં આવી છે. હવે ખેલૈયાઓ મોડી રાત સુધી ગરબા રમી શકશે. નવરાત્રિ અંગે ગત્ત વર્ષની જેમ આ વર્ષે પણ ગૃહમંત્રીએ સ્પષ્ટતા કરી છે. મોડી રાત સુધી ગરબા રમવાની વ્યવસ્થા કરી હોવાની તેમણે બાંહેધરી આપી હતી. નવરાત્રી તહેવારને લઈને ગૃહ રાજ્ય મંત્રી દ્વારા ગુજરાતીઓ માટે સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

### આજથી શારદીય નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે

# અંબાજી અને ચોટીલા મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરાયો



અંબાજી,
આવતીકાલે ૨૨ સપ્ટેમ્બરથી શારદીય નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે પવિત્ર યાત્રાધામ અંબાજીમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને ચોટાલી મંદિર દ્વારા સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજીમાં યાત્રાળુઓની સગવડતા ખાતર આસો સુદ એકમને સોમવાર તારીખ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫નારોજ માતાજીની આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે.

અંબાજી મંદિરમાં આરતી સવારે ૦૭:૩૦થી ૦૮:૦૦, દર્શન સવારે ૦૮:૦૦ થી ૧૧:૩૦ રાજભોગ ૧૨ કલાકે, દર્શન બપોર ૧૨:૩૦થી ૧૬:૧૫, આરતી સાંજે ૧૮:૩૦થી ૧૯:૦૦, દર્શન સાંજે ૧૯:૦૦ થી ૨૧:૦૦ વાગ્યા સુધીનો સમય રહેશે. તેમજ નવરાત્રિમાં ઘટ સ્થાપન આસો સુદ-૧ સોમવારને તા.૨૨-૦૯-૨૦૨૫ સમય સવારે ૦૯:૦૦થી ૧૦:૩૦ કલાકે, દુર્ગાષ્ટમી આસો સુદ-૮ મંગળવારને તા. ૩૦-૦૯-૨૦૨૫, આરતી સવારે ૬-૦૦ કલાકે થશે. ઉત્થાપન આસો સુદ-૮ મંગળવારને તા.૩૦-કલાકે, વિજયાદશમી આસો સુદ-૧૦ ગુરૂવારને તા.૦૨-૧૦-૨૦૨૫ સાંજે ૫:૦૦ કલાકે, દુધ પૌઆનો ભોગ (પુનમ) તા.૦૬-૦૯-૨૦૨૫ સોમવારના રોજ રાત્રે ૧૨:૦૦ કલાકે, કપુર આરતી આસો સુદ-૧૫(પુનમ) મંગળવાર તા.૦૭-૧૦-૨૦૨૫, આરતી સવારે ૬-૦૦ કલાકે રહેશે. તા.૦૮-૧૦-૨૦૨૫ના રોજથી આરતી-દર્શનનો સમય રાબેતા મુજબ રહેશે.યાત્રાધામ ચોટીલા ચામુંડા ધામ ચોટીલા ખાતે ડુંગર ખાતે આવેલ ચામુંડા માતાજીના નીજ મંદિર ખાતે શારદીય નવરાત્રિ ૨૨ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર સુધી નવ દિવસનો નવરાત્રી ઉત્સવ ઉજવાશે. પ્રથમ નોરતાની સવારે શુભ મૂહતનાં કળશ ઝવેરા ઘટ સ્થાપન કરાશે. તેમજ આઠમની સવારે શુભ મૂર્હૂતનાં હવન અષ્ટમી પણ યોજાશે.

### પાસ પાછળ રૂ. ૪૦ કરોડથી વધુનો ખર્ચ કરશે

# વડોદરામાં રોજ દસ લાખથી વધુ લોકો ગરબા રમવા અને જોવા ઉમટશે



વડોદરા,
માતાજીના આરાધનાના પર્વ નવરાત્રીમાં યોજાતા કોમર્શીયલ ગરબાના પાસાની કિંમત દર વર્ષે વધતી હોવાના કારણે ખેલૈયાઓના ખર્ચમાં પણ ધરખમ વધારો નોંધાય છે. આ વર્ષે વડોદરા શહેરમાં ૨૬ મોટા ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમાં ખેલૈયાઓ માટેના પાસની કિંમત ૧૫૦૦થી ૫,૦૦૦ સુધીની હોવાથી ખલૈયાઓ પાસ પાછળ જ ૪૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરશે, તેઓ અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

મળતી માહિતી અનુસાર, વડોદરા શહેરમાં આ વર્ષે મોટા ગરબા ઉપરાંત મધ્યમ અને શેરી ગરબાના પણ અનેક આયોજનો થયા હોવાના કારણે સમગ્ર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ રાત્રે ટ્રાફિકજામની સ્થિતિ ન જળવાય તે પ્રકારની વ્યવસ્થા કરવાનું કામ પોલીસ માટે પણ એક ચેલેન્જર બની રહેશે. સૂત્રોના જણાવ્યાનુસાર, શહેરમાં આ વર્ષે પોલીસ કમિશનર કચેરીમાં ૭૪૬ ગરબા આયોજકોએ મંજૂરી માટે અરજી કરી છે. જેમાં ૨૬ મોટા ગરબા આયોજકોએ અને મધ્યમ કહી શકાય તેવા ૧૫૫ ગરબાના આયોજકોએ મંજૂરી માગી છે. જ્યારે ૫૫૫ નાના ગરબા પણ યોજાવાના છે અને તે માટે પણ મંજૂરી માંગવામાં આવી છે. નાના ગરબા એટલે પોળ, સોસાયટીમાં યોજાતા ગરબા છે અને તેમાં સરેરાશ ૫૦૦થી ૧૦૦૦ લોકો સામેલ થતાં હોય છે.વડોદરાના ગરબા સમગ્ર વિશ્વમાં એક અલગ ઓળખ ધરાવે છે અને તેના કારણે તેને જોવા માટે નવરાત્રીના તહેવારમાં મોટી સંખ્યામાં લોકો અન્ય શહેરમાંથી તેમજ વિદેશમાંથી પણ આવે છે. આ વર્ષે સમગ્ર શહેરમાં નાના-મોટા ૭૪૬ ગરબાઓ યોજવાના હોવાથી તેમજ રોજ રાત્રે ૧૦ લાખ લોકોની હાજરી રહેશે. જે સંખ્યા વડોદરાની કુલ સંખ્યાની ૫૦ ટકા જેટલી થાય છે. સૂત્રોના જણાવ્યાનુસાર, પ્રમાણે મોટા ગરબામાં પણ શહેરના જે ૫થી ૬ જાણીતા ગરબાઓ છે, તેમાં અંદાજે ૨૫,૦૦૦થી લઈને ૩૦,૦૦૦ ખલૈયાઓ ગરબે ઘુમશે. જ્યારે અન્ય તમામ ગરબાઓમાં પણ હજારોની સંખ્યામાં ખલૈયાઓ પાસની ખરીદી કરી ગરબે ઘુમવાનો આનંદ માણશે.

જ્યારે ગરબા જોવા માટે જતા લોકો નવ દિવસમાં ૧૦ કરોડ રૂપિયાથી વધુની રકમ ખર્ચશે તેમ મનાઈ રહ્યું છે.નવરાત્રિના તહેવારમાં રાતના સમયે લાખોની સંખ્યામાં લોકો ગરબા રમવા અને જોવા માટે જતા હોવાના કારણે શહેરમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેમજ ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે પોલીસ માટે એક મોચી ચેલેન્જ હોય છે.

### કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે ન્યાયની માંગ કરી

# ભાવનગરમાં વડાપ્રધાનના રોડ શોનું હોર્ડિંગ માથા પર પડતા યુવકને ગંભીર ઇજા



ભાવનગર,
ભાવનગર શહેર એરપોર્ટ વિસ્તારમાં આવેલા અજયવાડી વિસ્તારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શો માટે લગાવવામાં આવેલું એક હોર્ડિંગ અચાનક તૂટી પડતા એક યુવકને ગંભીર ઈજા પહોંચી છે. આ ઘટનામાં ૩૦ વર્ષીય જયેશભાઈ કરમણભાઈ ગોહેલ ઈજાગ્રસ્ત થયા છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, રવિવારે બપોરના ૨ વાગ્યાના અરસામાં જયેશભાઈ પોતાનું સ્કૂટર લઈને અજયવાડી પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે વડાપ્રધાનના રોડ શો માટે લગાવવામાં આવેલું એક વિશાળ હોર્ડિંગ અચાનક તેમની માથા પર પડ્યું હતું. જયેશભાઈ પોતાનું સ્કૂટર લઈને અજયવાડી પાસેથી પસાર થઈ રહ્યા હતા તે વિશાળ હોર્ડિંગ માથા પર પડ્યું હોર્ડિંગના વજનથી જયેશભાઈનું સંતુલન બગડ્યું અને તેઓ સ્કૂટર સાથે જમીન પર પટકાયા હતા. આ ઘટનામાં તેમના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી છે.સ્થાનિકોએ તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી જયેશભાઈને સારવાર માટે ખસેડ્યા હતા. હાલ તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની હાલત ગંભીર હોવાનું તબીબો જણાવી રહ્યા છે.આ ઘટનાને પગલે કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા પર આ ઘટના અંગે પોસ્ટ કરીને સરકારની બેદરકારી પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે માંગ કરી છે કે બેદરકારીથી ઉભા કરાયેલ હોર્ડિંગ માટે જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ઈજાગ્રસ્ત યુવકને પૂરતું વળતર આપવામાં આવે.

આ ઘટનાએ વહીવટી તંત્ર દ્વારા સલામતીના નિયમોનું પાલન ન થતું હોવાનું ફરી એકવાર સાબિત કર્યું છે. લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે આવા મોટા કાર્યક્રમોમાં હોર્ડિંગ્સ અને અન્ય માળખાકીય સુવિધાઓની સલામતીની પૂરતી ચકાસણી થવી જોઈએ જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ ન બને.

ગુજરાતના મહેસૂલ વિભાગનો મોટો નિર્ણય

# નાયબ મામલતદાર વર્ગ 3 ની નિમણૂંક પહેલા મંજૂરી ફરજિયાત




ગાંધીનગર,

ગુજરાત રાજ્યમાં હવે નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યા પર નિમણૂક કરતા પહેલા મહેસૂલ વિભાગની પૂર્વ મંજૂરી લેવી પડશે. રાજ્ય સરકાર દ્વારા આ અંગે એક મહત્વનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે, જે મુજબ મહેસૂલ વિભાગના પરામર્શ વગર કોઈપણ કચેરી કે વિભાગમાં આ જગ્યાઓ ભરી શકાશે નહીં.રાજ્યમાં નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યા પર નિમણૂક કરતા પહેલા મહેસુલ વિભાગ સાથે પરામર્શ કરવો પડશે

મહેસુલ વિભાગ દ્વારા કરાયેલા પરિપત્ર અનુસાર, રાજ્યમાં કલેક્ટર કચેરીઓ અને અન્ય વિભાગોમાં કુલ ૫૫૦૨ નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. તેમાંથી, તમામ કલેક્ટર કચેરીઓમાં ૫૧૮૬ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત, ૧૭૩ જગ્યાઓ પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન) દ્વારા ભરવામાં આવશે, જ્યારે ૨૭ જગ્યાઓ કલેક્ટર કચેરીઓ દ્વારા સીધી ભરવાની રહેશે. વધુમાં, ૧૧૬ નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યાઓ ડેપ્યુટેશન રિઝર્વ તરીકે રાખવામાં આવશે. મહેસૂલ વિભાગના આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય નાયબ મામલતદારની નિમણૂક પ્રક્રિયામાં સુસંગતતા અને પારદર્શિતા જાળવવાનો છે. જોકે, આ પરિપત્રમાં એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે અસાધારણ સંજોગો અથવા તાકીદની સ્થિતિમાં જો નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યા તાત્કાલિક ભરવી પડે તો પણ મહેસૂલ વિભાગ સાથે પરામર્શ કરવો અનિવાર્ય છે.

કોઈપણ વિભાગ કે કચેરીમાં નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યા ભરવામાં આવે કે રદ કરવામાં આવે, તેની માહિતી પણ મહેસૂલ વિભાગને આપવી ફરજિયાત છે. આ પરિપત્ર દ્વારા મહેસૂલ વિભાગે તમામ જિલ્લા કલેક્ટરોને તેમના જિલ્લામાં મંજૂર થયેલી નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યાઓની વિગતવાર જાણકારી આપી છે. આ પગલાથી મહેસૂલી પ્રશાસનમાં કર્મચારીઓની નિમણૂક અને વ્યવસ્થાપન વધુ સુવ્યવસ્થિત બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

રાજ્યના શાસનમાં સરળતા રહે તે હેતુથી નિર્ણય

# ગુજરાતમાં ૧૭ નવા તાલુકા જાહેર, કુલ તાલુકા વધીને ૨૬૫ થયા





ગાંધીનગર,

યેદ્વક્કિં દ્વીજઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં વહીવટી સરળતા લાવવા અને લોકોની સુવિધા વધારવા માટે ૧૭ નવા તાલુકાની રચના કરવામાં આવી છે. બુધવારે (૨૪ સપ્ટેમ્બર) યોજાયેલી કેબિનેટ બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ નવા તાલુકાઓની રચના માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. બનાસકાંઠામાંથી નવો વાવ-થરાદ જિલ્લો તેમજ હાલના રાજ્યના ૨૧ તાલુકામાંથી નવા ૧૭ તાલુકાની રચના કરવાની દરખાસ્તને સર્વાનુમતે મંજૂરી આપી દેવાઈ છે. આ સાથે હવે રાજ્યમાં કુલ તાલુકા વધીને ૨૬૫ થઈ ગયા છે. આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે મંત્રીમંડળના આ મહત્ત્વપૂર્ણ નિર્ણય અંગે જણાવતા કહ્યું કે, સરકારે રાજ્યના શાસનમાં સરળતા રહે તે હેતુથી આ નિર્ણય લીધો છે. નવુ તાલુકા મથક નજીકમાં જ મળવાથી સામાજિક, આર્થિક, આરોગ્ય અને શૈક્ષણિક સહિતની સર્વગ્રાહી સુવિધામાં વધારો થાય તેમજ અંતરિયાળ ગામોમાંથી તાલુકા મથકે આવવા-જવામાંથી સમય, શક્તિ અને નાણાંનો પણ બચાવ કરવાના હેતુ સાથે આ નવા ૧૭ તાલુકાઓની રચનાને મંજૂરી આપવામાં આવી છે.વાવ-થરાદ જિલ્લામાં હાલના બનાસકાંઠા જિલ્લાના ૬ તાલુકાઓ વાવ, થરાદ, સુઈગામ, ભાભર, દિયોદર અને લાખણીનો સમાવેશ કરીને થરાદને જિલ્લા મુખ્ય મથક સાથે વાવ-થરાદ જિલ્લાની રચનાને કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.નવુ તાલુકા મથક નજીકમાં જ મળવાથી સામાજિક, આર્થિક, આરોગ્ય અને શૈક્ષણિક સહિતની સર્વગ્રાહી સુવિધામાં વધારો થશે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે તાલુકા એકમને વિકાસ અને વહીવટમાં વધુ સશક્ત બનાવવા ATVT એટલે કે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકાની વિભાવના આપી હતી અને ૨૦૧૩માં નવા ૨૩ તાલુકાઓની તેમણે કરેલી રચના પછી પહેલીવાર આટલી મોટી સંખ્યામાં ૧૭ નવા તાલુકાની રચનાનો નિર્ણય લેવાયો હતો.આ નવા ૧૭ તાલુકાઓની રચના થવાથી હાલના ૫૧ વિકાસશીલ તાલુકાઓની સંખ્યામાં ૧૦ તાલુકાઓનો વધારો થશે અને તાલુકા ઓને મળતી ગ્રાન્ટનો લાભ મળતો થશે. એટલું જ નહીં નવા જિલ્લા અને તાલુકાઓનું નવીન વહિવટી માળખું ઉભુ કરવા સાથે વિવિધ વિકાસ કામો માટે મળતી ગ્રાન્ટમાં પણ વધારો થશે.

નંબર પ્લેટ વગરની મોટરસાયકલ પર પોલીસે ધ્યાન કેન્દ્રિત કર્યુ

# વડોદરામાં એક જ દિવસે બે અછોડા તોડનાર લૂંટારો પકડાયો



વડોદરા,

વડોદરા પોલીસે જાંબુઆ બ્રિજ નજીકથી એક અછોડાતોડને ઝડપી પાડતા બે અછોડા મળી આવ્યા છે. આ ઉપરાંત પોલીસે રિવોલ્વર પણ કબજે કરી છે. ગઈ તા.૮મીએ માંજલપુર વિસ્તારમાં પગપાળા જઈ રહેલી એક મહિલા તેમજ લક્ષ્મીપુરાના મહાદેવ મંદિરમાંથી બહાર નીકળતી એક મહિલાના અછોડા તુટ્યા હતા. જેમાં નંબર પ્લેટ વગરની મોટરસાયકલ પર પોલીસે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ક્રાઈમ બ્રાન્ચની ટીમ જુદા-જુદા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન જાંબુઆ બ્રિજ તરફથી નંબર પ્લેટ વગરની મોટરસાયકલ આવતા અને પોલીસને જોઈ બાઈક પલટાવીને ભાગવા જતા ચાલકને પોલીસે ઝડપી પાડ્યો હતો.પૂછપરછ દરમિયાન તેનું નામ અજય ઉર્ફે અજો માનસિંગભાઈ પરસોન્ડા (રહે-જૂની સરકારી સ્કૂલ સામે, નાકરાવાડી, રાજકોટ, મૂળ-રેલનગર રોડ, પોપટપુરા, રાજકોટ) હોવાનું જણાઈ આવ્યું હતું. તેની પાસે માંજલપુર અને લક્ષ્મીપુરામાં તોડેલા બંને અછોડા મળી આવ્યા હતા. જાંબુઆ બ્રિજ તરફથી નંબર પ્લેટ વગરની મોટરસાયકલ આવતા અને પોલીસને જોઈ બાઈક પલટાવીને ભાગવા જતા ચાલકને પોલીસે ઝડપી પાડ્યો જ્યારે નંબર પ્લેટ વગરની મોટરસાયકલ માણેજાના કોમ્પલેક્ષમાંથી ચોરી હોવાની કબુલાત કરી હતી.

આ ઉપરાંત અજય પાસેથી એક રિવોલ્વર મળી આવી હતી. જે તેને હુમલો થાય તો ડરાવવા માટે રાખી હોવાની કબુલાત કરી હતી. તારી બોલ બોલ સુરેન્દ્રનગરના શંકર કટોસણાએ આપી હોવાની વિગત ખોલતા તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. લૂંટારાએ રાજકોટમાં પણ બે ગુના આશરે હોવાની વિગતો ખુલી છે.

સાયબર ગઠિયાઓનો આતંક યથાવત

# તમારું પાકિસ્તાન સાથે કનેક્શન છે તેમ કહી શિક્ષિકાને ધમકાવી 30 લાખ પડાવ્યા




ગાંધીનગર,

હાલમાં સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ગાંધીનગર જિલ્લાના કલોલમાં રહેતા મહિલા શિક્ષિકાને સીબીઆઈ ઓફિસરની ઓળખ આપીને સાયબર ગઠિયાઓ દ્વારા તબક્કાવાર ૩૦ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાની ઘટના બહાર આવી છે. જે મામલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.સમગ્ર દેશમાં હાલ સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોને ડિજિટલ એરેસ્ટ કરીને આ ગઠિયાઓ દ્વારા ધાક ધમકી આપીને લાખો કરોડો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે ત્યારે ફરી વખત ગાંધીનગર જિલ્લામાં આ ટોળકીએ વધુ એક મહિલા શિક્ષિકાને ભોગ બનાવ્યો છે.જે ઘટના અંગે મળતી વિગતો પ્રમાણે કલોલમાં રહેતા અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે કામ કરતા મહિલાને ગત ૪ એપ્રિલના રોજ તેમના મોબાઈલ ઉપર વોટ્સએપ વિડીયો કોલ આવ્યો હતો અને કોલ કરનારે પોતાનું નામ મોહિત શર્મા જણાવ્યું હતું અને સીબીઆઈ ઓફિસર તરીકેની ઓળખ આપી હતી. જેણે આ શિક્ષિકાને કહ્યું હતું કે તમારું પાકિસ્તાન સાથે કનેક્શન છે ત્યારબાદ ધમકાવી હતી અને જો આગળ કાર્યવાહી ના કરવી હોય તો ૧૮,૦૦૦ની માંગણી કરી હતી. જે ટ્રાન્સફર કર્યા હતા.સીબીઆઈ ઓફિસરની ઓળખ આપીને નેટ બેન્કિંગ ચાલુ કરાવી તબક્કાવાર રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા ત્યારબાદ મોહિત શર્માએ અન્ય બે વ્યક્તિઓનો પરિચય કરાવ્યો હતો જેમાં એક દેવાંશીશ મિશ્રા જે એસબીઆઈ બેન્કમાં ચીફ જનરલ મેનેજર હોવાનું કહ્યું હતું અને ત્યારબાદ સેન્ટ્રલ બેન્કના મેનેજર તરીકે પણ અન્ય એક વ્યક્તિએ ઓળખ આપી હતી.જેમણે દિવસમાં સતત ૧૦ થી ૧૫ વખત વોટ્સએપ કોલ કરીને તેમની સમગ્ર વિગત મેળવી લીધી હતી. આ સાયબર ટોળકી દ્વારા શિક્ષિકાની માતાનું બેન્ક ખાતાનું ઓનલાઈન નેટબેન્કિંગ ચાલુ કરાવીને તેનો એક્સેસ મેળવી લીધો હતો અને શિક્ષિકાને વિશ્વાસ અપાવ્યો હતો કે તમારા રૂપિયા બમણા થઈને સરકાર પરત કરી દેશે. આમ તબક્કાવાર કુલ ૨૯.૯૦ લાખ રૂપિયા જુદાજુદા બેંક ખાતાઓમાં જમા કરાવડાવ્યા હતા. જોકે તેમને રૂપિયા પરત મળ્યા ન હતા અને ત્યારબાદ સગા સંબંધીઓને આ સંદર્ભે વાત કરતા તેમની સાથે સાયબર ળોડ કરવામાં આવ્યો હોવાનું બહાર આવતા સાયબર હેલ્પલાઈનમાં ફરિયાદ આપી હતી અને ત્યારબાદ હાલ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે

# વડોદરા માંડવીના નુકસાનગ્રસ્ત પિલર ફરતે સ્ટીલની પ્લેટ ફિટ કરી કામચલાઉ રિપેરિંગ



વડોદરા,

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરની મધ્યમાં આવેલા ઐતિહાસિક માંડવીના એક પિલરને જે નુકસાન થયું છે, તેના માટે કામ ચલાઉ ધોરણે હાલ પિલર ફરતે સ્ટીલની પ્લેટ લગાવી દઈ અંદર કોંક્રીટનું મટીરીયલ ભરી પિલરને મજબૂતાઈ આપવાનું કામ કર્યું છે. આ કામગીરી પિલરને હાલ સુરક્ષિત રાખવા માટેની છે. હજુ સુધી માંડવીના રીનોવેશન માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું નથી. જેથી કામ હાલ જલ્દી શરૂ થાય તેમ લાગતું નથી.હજુ સુધી માંડવીના રીનોવેશન માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું નથી. જેથી કામ હાલ જલ્દી શરૂ થાય તેમ લાગતું નથી કોર્પોરેશનના વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ માંડવી રીનોવેશનનું જે કામ કરવાનું છે,તેનું પ્રેઝન્ટેશન જોયા બાદ ટેન્ડર બહાર પાડવામાં આવશે. ટેન્ડરની કામગીરી ટૂંક સમયમાં થશે. હાલ નુકસાનગ્રસ્ત પિલર ફરતે ગોળાકાર માં એમએસની પ્લેટ લગાવી દેવામાં આવી છે. સાત મહિના અગાઉ માંડવીના પિલરને નુકસાન થયું હતું, ત્યારથી માંડવીની ઈમારત ચર્ચામાં આવી છે. ગત જાન્યુઆરીમાં માંડવીના પિલરમાં તિરાડો દેખાઈ હતી, જે ઈમારતના અસ્તિત્વ પર ખતરાની ઘંટડી સમાન ગણાવાઈ હતી. વડોદરા કોર્પોરેશનએ આ હેરિટેજ ઈમારતના સ્ટ્રક્ચરનું નિરીક્ષણ કર્યા બાદ ઈમારતને વધુ નુકસાન થતું અટકાવવા મધ્યના ભાગમાં લોખંડના સ્ટ્રક્ચર ઉભા કરાયા હતા. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના તજજ્ઞ, ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ અને શહેરના હેરિટેજ તજજ્ઞો દ્વારા પણ આ ઈમારતનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ઈમારતની વચ્ચેના ભાગમાં ભારે ગર્ડર તેમજ સ્ટીલના પાઈપ ઈમારતની કમાનમાં ફીટ કરવામાં આવ્યાં હોવા છતાં પિલરને નુકસાન થતું રહ્યું હતું. તાજેતરમાં જ કોર્પોરેશન દ્વારા સ્થળ પર નિરીક્ષણ કરીને પિલરને વધુ નુકસાન થતું અટકાવવા માટે કામ કરવા નક્કી કર્યું હતું. પિલર ફરતે સ્ટીલની પ્લેટ ગોળાકાર મૂકી અંદર મટીરીયલ ભરી દીધું હતું. જોકે આ વ્યવસ્થા કામ ચલાઉ છે, અને વધુ નુકસાન થતું અટકાવવા માટેનું છે. જ્યારે માંડવી પિલરનું રીનોવેશન કામ હાથ પર લેવાશે ત્યારે આ સ્ટીલની જે પ્લેટ લગાવવામાં આવી છે તે હટાવી લેવામાં આવશે.

# સુરેન્દ્રનગરના વસ્તડી-વડોદ રોડ પર ફરી એક વાર માર્ગ ગમખ્વાર અકસ્માત સર્જાયો

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગરના વસ્તડી-વડોદ રોડ પર ફરી એક વાર માર્ગ ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં એક યુવકનું ઘટના સ્થળે જ મોત થયું છે અને ત્રણથી વધુ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ટેમ્પો ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ દુર્ઘટના બની હતી. સુરેન્દ્રનગરના વસ્તડી-વડોદ રોડ પર એક છોટા હાથી ટેમ્પો અચાનક પલટી મારી ગયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે તેમાં સવાર એક યુવકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું.

આ ઉપરાંત ટેમ્પોમાં સવાર અન્ય ત્રણથી વધુ લોકોને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકો અને રાહદારીઓએ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરી હતી. પોલીસને અકસ્માતની જાણ થતાં જ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે અકસ્માતનું કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

આ પ્રાથમિક તપાસમાં અકસ્માત પાછળનું કારણ ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેવાનું હોવાનું જાણવા મળ્યું છે. નોંધનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી સુરેન્દ્રનગર જિલ્લામાં અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે.

છેલ્લા પાંચ દિવસમાં અલગ અલગ અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે. જેના કારણે જિલ્લામાં માર્ગ સલામતી અંગે ચિંતા વધી છે. આ અકસ્માતોની વધતી સંખ્યાને જોતા તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં ભરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

ભાદરવી અમાસના દિને દોઢ લાખ ભક્તોએ માતાજીના દર્શન કર્યા

# નવરાત્રિના આરંભે શક્તિપીઠ પાવાગઢમાં શ્રદ્ધાળુઓનો મહાસાગર છલકાયો



ગોધરા,

સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે આસો નવરાત્રીના આગલા દિવસે ભાદરવી અમાસના રોજ દોઢ લાખ ઉપરાંત માઈ ભક્તો માતાજી ના દર્શનાર્થે ઉમટી પડી માતાજીના ચરણ માં શીશ ઝુકાવી ધન્ય બન્યા હતા.૫૧, શક્તિપીઠ પૈકીની એક શક્તિપીઠ પંચમહાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ડુંગર પર બિરાજમાન જગતજનની શ્રી મહાકાળી માતાજી છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે ગત મધ્યરાત્રી બાદ ડુંગર પર કુદરતી આફતના વાદળો મંડાયા હતા રવિવાર ના રોજ આસો નવરાત્રિના આગલા દિવસે માતાજીના દર્શનાર્થે શનિવારની મધ્યરાત્રીથી ભક્તો માટી સંખ્યામાં પાવાગઢ ને જોડતા તમામ માર્ગો પર ભક્તોનો સૈલાબ જોવા મળતો હતો. ચારે કોર પગપાળા યાત્રાળુઓ ના કારણે જય માતાજી ના ભારે જયઘોષ સંભળાતા હતા. મધ્યરાત્રીથી મંદિર પરિષદ તેમજ મંદિરના પગથિયા પર ભક્તોની ભારે ભીડ નિજ મંદિરના દ્વાર ખુલે તેની પ્રતીક્ષામાં કલાકો સુધી પ્રતીક્ષા કરતા ભક્તો જોવા મળ્યા હતા.જ્યારે વહેલી સવારે ૪.૩૦ કલાકે માતાજીના મંદિર ના નિજદ્વાર ખુલ્લા મુકતા ભકતો દ્વારા જય માતાજી ના ભારે જયઘોષ થતા મંદિર પરિષદ ગુંજી ઉઠ્યું હતું. અને માતાજીના ચરણમાં શીશ નમાવી ધન્ય બન્યા હતા.સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે ગત મધ્યરાત્રી બાદ ડુંગર પર કુદરતી આફતના વાદળો મંડાયા હતા. જોત જોતામાં ડુંગર પર ભારે વીજળીના કડાકા ને ભડાકા તેમજ ભારે પવન સાથે મુશળધાર વરસાદ ખાબકતા યાત્રાળુઓ ભયભીત થઈ ઉઠ્યા હતા.

જોકે મંદિર ટ્રસ્ટ દ્વારા દુધિયા તળાવ ની ઉપર આવેલ શક્તિ દ્વાર પાસે મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલિત અન્નક્ષેત્ર તેમજ વિશ્રામ ગૃહ માં ભક્તોને કુદરતી આફત થી બચવા આશ્રય આપવામાં આવ્યો હતો.

વિદેશ મોકલવાના નામે છેતરપિંડીના કિસ્સો

# કેનેડાના વર્ક પરમિટના નામે મહિલા વિઝા કન્સલ્ટન્ટે ૫.૮૩ લાખ પડાવી લીધા




વડોદરા,

વડોદરા વિદેશ મોકલવાના નામે છેતરપિંડીના કિસ્સા અવારનવાર આવી રહ્યા છે ત્યારે સારાભાઈ કેમ્પસ વિસ્તારમાં આવેલી બીજા કન્સલ્ટન્ટની ઓફિસ સંચાલક સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. નિઝામપુરાના અવધ ફ્લેટમાં રહેતા અને ખાનગી બેંકમાં ફરજ બજાવતા પરેશભાઈ મિસ્ત્રીએ પોલીસને કહ્યું છે કે મારે કેનેડા જવાનું હોવાથી મિત્ર મારફતે ગેડા સર્કલ પાસે એટલાન્ટિક ટાવરમાં આવેલી ઈજી માય ઈમિગ્રેશનની ઓફિસની સંચાલિકા પૂજા આહુજા સાથે ઓક્ટોબર ૨૦૨૩માં મુલાકાત થઈ હતી.સારાભાઈ કેમ્પસ વિસ્તારમાં આવેલી બીજા કન્સલ્ટન્ટની ઓફિસ સંચાલક સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે પૂજા આહુજાએ મને ૩૫ લાખમાં બે વર્ષના વર્ક પરમિટ અપાવવાની વાત કરી હતી અને છ મહિનામાં કામ થઈ જશે તેમ કહેતા મેં તેમને ફાઈલ આપી હતી. મને લિંક મોકલીને એક્ઝામ પણ અપાવી હતી જેમાં હું પાસ થયો હતો. યુવકે કહ્યું છે કે, મેં પૂજા આહુજાને ૬.૮૩ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. પરંતુ તેમનો જોબ લેટર બોગસ હોવાને કારણે મારા વિઝા રદ થયા હતા. ત્યારબાદ મેં રકમ પરત માંગતા મને એક લાખ રૂપિયા પરત આપ્યા હતા. પરંતુ બીજી રકમ હજી સુધી આપી નથી. જેથી ગોરવા પોલીસે પૂજા આહુજા (કલ્પ ડિઝાયર, ગોત્રી,વડોદરા)સામે ગુનો દાખલ કર્યો છે.

બાઈક પર જતાં પિતા પુત્રની ટ્રકની અડફેટે મોત

# ભરૂચમાં હાંસોટ-પંડવાઈ રોડ પર ગોઝારો અકસ્માત



ભરૂચ,

ભરુચના હાંસોટ-પંડવાઈ રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયાની માહિતી સામે આવી છે. જેમાં બાઈક પર જતાં પિતા પુત્ર ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. ઘટનાની જાણ થતાં જ લોકોની ભીડ એકઠી થઈ હતી અને ટ્રક ચાલકને પકડવાનો પ્રયાસ કર્યો હતો પણ તે ઘટનાસ્થળે ટ્રક છોડી નાસી છુટ્યો હતો. હાંસોટ પોલીસને અકસ્માતની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બંને પિતા-પુત્રોના મૃતદેહોને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા હતા. પોલીસે આરોપી ટ્રક ડ્રાઈવરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. માહિતી અનુસાર બંને પિતા પુત્રો વાલનેરના રહેવાશી હતા.

Printed, Published and Owned by **Raval Prakash Jagdish** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. Published From - 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007. Editor :- **RAVAL PRAKASH JAGDISH**

C.M.Y.K. C.M.Y.K. C.M.Y.K.